P.09

લોકોનું આત્મસન્માન મરી પરવાર્યું છે, કોઈ આંદોલન નથી થતું : રિચા ચઢ્ઢા



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.09

હેમંત સોરેન સરકારે મદરેસાઓમાં ઘૂસણખોરોને આશ્રય આપ્યો : જેપી નડ્ડા



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૪ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 103 • Dt. 19-10-2024 Tuesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ચીન સાથેના સંબંધોને નવી દિશા મળી હોવાનું કહેવામાં જયશંકર ખચકાયા 09



**19**
NOVEMBER- 2024
TUESDAY



09 રશિયાનો ૨૦૦થી વધુ મિસાઇલ-ડ્રોન સાથે યુક્રેનમાં ભીષણ હુમલો






**સ્ટુડન્ટના મોત મામલે મોટી કાર્યવાહી** **એબીવીપી સંગઠનના કાર્યકરોએ ધારપુર હોસ્પિટલ ખાતે સૂત્રોચ્ચાર કરી ન્યાયની માંગ કરી**

# પાટણ મેડિકલ કોલેજમાં રેગિંગ, ૧૫ વિદ્યાર્થીઓ સસ્પેન્ડ

। પ્રતિનિધિ, પાટણ,તા.૧૮ ।

પાટણમાં મેડિકલ સ્ટુડન્ટના મોત મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની રેગિંગ કરનારા ૧૫ સિનિયર વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા છે. તેમની સામે એફઆઈઆર નોંધાયા બાદ એબીવીપીના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ જોવા મળ્યું હતું. મહત્વનું છે કે, શનિવારે રાત્રે પાટણ-ઊંઝા રોડ પર આવેલી ધારપુર મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થી અચાનક બેભાન થયા બાદ મૃત્યુ પામ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કોલેજમાં દોડી આવી હતી. યુવકના મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો હતો. કોલેજના જ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગ કરાતા યુવકનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટના બાદ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે.

ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગથી વિદ્યાર્થીના મોતનો મામલે કોલેજની એન્ટી રેગિંગ કમિશન દ્વારા તપાસ હાથ ધરાઈ છે. રેગિંગ કમિટીના સિનિયર ડોક્ટરોએ સિનિયર અને જુનિયર વિદ્યાર્થીઓની અલગ અલગ પૂછપરછ કરી. મોડી રાત સુધી તપાસ કામગીરી ચાલી હતી. તપાસ બાદ સામે આવ્યું કે, ૧૫ સિનિયર વિદ્યાર્થીઓએ સતત સાડા ત્રણ કલાક સુધી જુનિયર વિદ્યાર્થીઓને ઉભા રાખી ગીતો ગવડાવી ડાન્સ કરાવી રૂમની બહાર ન જવા દઈ રેગિંગ કર્યું હતું. મેડિકલ કોલેજે જવાબદાર ૧૫ વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. મેડિકલ કોલેજના એડિશનલ ડીને બાલીસણા પોલીસ મથકે ૧૫ સિનિયર વિદ્યાર્થીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

### વિદ્યાર્થીના મૃત્યુમાં એન્ટી રેગિંગ કમિટીએ તપાસનો દોર શરૂ કરાયો

પાટણના ધારપુરની મેડિકલ કોલેજમાં રેંગિગ બાદ વિદ્યાર્થીના મૃત્યુમાં એન્ટી રેગિંગ કમિટીએ તપાસનો દોર શરૂ કરાયો છે. કમિટીએ અત્યાર સુધીમાં ૨૬ વિદ્યાર્થીઓના નિવેદન લીધા છે. કમિટીએ રિપોર્ટ કોલેજના ડીનને સોંપ્યો. રિપોર્ટમાં ૧૫ વિદ્યાર્થીઓએ રેગિંગ કર્યાનું સામે આવ્યું છે. રિપોર્ટના આધારે કોલેજના પ્રોફેસર અનિલ ભઠીજાએ ફરિયાદ નોંધાવી છે. કુલ ૧૫ વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં ૧૫ વિદ્યાર્થીઓએ પહેલા વર્ષના વિદ્યાર્થીને સાડા ત્રણ કલાક ઉભા રખાવી, ગીતો ગવડાવી, ડાન્સ કરાવી રેગિંગ કર્યાનો ઉલ્લેખ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, પાટણ ધારપુર મેડિકલ હોસ્પિટલમાં વિદ્યાર્થી સાથે રેગિંગ મામલાની ગંભીરતાથી નોંધ લેવાઈ છે. મેડિકલ હોસ્પિટલમાં એમબીબીએસ ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનિલ મેથાણીયાનું મોત નિપજ્યું છે.

**પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લીધા**

## સુરત બોગસ ડોક્ટરોએ શરૂ કરેલી બોગસ હોસ્પિટલ એક જ દિવસમાં સીલ

**જર્જરિત થિયેટરને ૧૫ દિવસમાં તોડીને મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવવામાં આવી**

। પ્રતિનિધિ, સુરત,તા.૧૮ ।

સુરત પોલીસે અગાઉ ઊંટવૈદ્ય સામે કાર્યવાહી કરી હતી, હવે તેણે જ સુરતના પાંડેસરા વિસ્તારમાં જનસેવા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરી હતી અને રવિવારે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. જર્જરિત થિયેટરને ૧૫ દિવસમાં તોડીને મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવવામાં આવી હતી. તેમાં એક પણ અગ્નિશામક ઉપકરણ લગાવવામાં આવ્યું ન હતું અને જે ફાયર સિસ્ટમ હતી તે પણ બંધ હાલતમાં હતી.

તેના કારણે એક દિવસ અગાઉ ખોલવામાં આવેલી હોસ્પિટલને ૨૪ કલાકમાં સીલ કરી દેવામાં આવી છે. સંચાલકે ઉદઘાટન માટેનું આમંત્રણ




પત્ર તૈયાર કર્યું હતું અને સુરત સિટી સીપી અને ક્રાઈમ જેસીપીના નામ પણ તેમની જાણ વગર આમંત્રણ પત્રમાં છપાવી લીધા હતા. વર્ષ ૨૦૨૨માં ડીગ્રી વગર પ્રેક્ટિસ કરવા અને દારૂ સાથે ઝડપાઈ જવા બદલ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લઈ પાંડેસરા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. હોસ્પિટલ શરૂ કરતા પહેલા જિલ્લા અધિકારીને પણ લેખિતમાં જાણ કરવામાં આવી ન હતી કે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું ન હતું. તેથી હવે નિયમાનુસાર એક ટીમ બનાવી હોસ્પિટલની મુલાકાત લઈ દંડની કાર્યવાહી કરવામાં આવશે. જો નિયમો અને વલણ મુજબ સ્ટાફ નહીં મળે તો FIR સહિત સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. હાલ પોલીસે તમામ આરોપીઓને કસ્ટડીમાં લીધા છે અને ૨૪ કલાકમાં જ વિસ્ફોટક વિસ્ફોટ થતાં હોસ્પિટલને તાળાં મારી દેવામાં આવ્યા છે.



**મહિલાના ઘરમાં ઘુસી જઈને એકલતાનો લાભ લઇ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો**

## આણંદમાં ભાજપનો સસ્પેન્ડેડ દુષ્કર્મી કોર્પોરેટર હવે ભાગેડું જાહેર થયાં

**મુખ્ય આરોપી દીપુ પ્રજાપતિ હજુ પકડાયો નથી, પરંતુ લડાઈમાં સંડોવાયેલા તેના બે સાગરિતોની અટકાયત કરવામાં આવી**

। પ્રતિનિધિ,આણંદ,તા.૧૮ ।

આણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ના ભાજપના કાઉન્સિલર દીપુ ગોરધનભાઈ પ્રજાપતિ (જલારામ ખમણવાળા) દ્વારા શહેરમાં રહેતી પરિણીત મહિલા પર બળાત્કાર ગુજારવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપી દિપુ પ્રજાપતિ ભૂગર્ભમાં ઉતરી ગયો છે. ત્યારે પોલીસે પીડિત પરિવાર પર હુમલો કરનાર દીપુ પ્રજાપતિના સાગરિતોની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. ખાસ વાત એ છે કે દીપુ પ્રજાપતિના કાળા કૃત્યો સામે આવતા જ ભાજપે તેને તુરંત સસ્પેન્ડ કરી દીધો હતો.

આણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ના ભાજપના કાઉન્સિલર દીપુ ગોરધનભાઈ પ્રજાપતિએ છ મહિના પહેલા મતદાર કાપલી આપવાના બહાને એક પરિણીત મહિલાનો મોબાઈલ નંબર મેળવી તેની સાથે વાત કરવાનું શરૂ કર્યું હતું. આ પછી, તેણે બંને વચ્ચેની ટેલિફોન વાતચીતનું રેકોર્ડિંગ તેના પતિને મોકલવાની ધમકી આપીને મહિલા સાથે બળજબરીથી બળાત્કાર ગુજાર્યો અને આ સિલસિલો ચાલુ રહ્યો. બળાત્કાર કરતી વખતે રંગે હાથ ઝડપાયો આ પછી ગત શનિવારે રાત્રે મહિલાનો પતિ બજારમાં ગયો હતો ત્યારે દીપુ પ્રજાપતિ મહિલાના ઘરમાં ઘુસી ગયો હતો અને તેણીની એકલતાનો લાભ લઈ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો. જોકે, મહિલાનો પતિ ઘરે આવતાં જ દીપુ પ્રજાપતિ રંગે હાથે ઝડપાઈ ગયો હતો.






## ખ્યાતિ હોસ્પિટલ કેસમાં ક્રાઈમ બ્રાંચ તપાસ કરશે

**હાલ ફરાર ડોકટર આરોપી સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી । વિવિધ દિશામાં તપાસ શરૂ**

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૮ ।

હાલ રાજ્યમાં બહુચર્ચિત ખ્યાતિ હોસ્પિટલ કાંડને લઈ પોલીસ કમિશ્નર જી એસ મલિકે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેઓએ કેસને લઈ મહત્વની બાબતો જણાવી હતી. સમગ્ર ઘટનાને લઈ તેઓએ જણાવ્યુ હતુ કે ખ્યાતિ હોસ્પિટલ કેસની દોર ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. જેમાં હાલ ફરાર ડોકટર આરોપી સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે. ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ટીમો દ્વારા આરોપીઓની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.પોલીસ કમિશ્નરના જણાવ્યા મુજબ આરોપી ગુજરાતમાંથી ભાગી ગયા હોવાની આશંકા તેઓને લાગી રહી છે.

જેને લઈ હાલ પોલીસ અને ક્રાઈમબ્રાન્ચ દ્વારા કામગીરીને વધારે કડક બનાવી દેવાઈ છે. ઘટનામાં ડો.પ્રશાંત વજીરાણીની ધરપકડ બાદ પોલીસે ક્રાઈમ બ્રાન્ચને કસ્ટડી સોંપી હતી. જેમાં ચાર્જશીટ બાદ રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવશે. જોકે હાલ ડો. પ્રશાંત વજીરાણીને ૭ દિવસના રિમાન્ડ પર રાખવામાં આવ્યા છે.અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં મોટો ખુલાસો થયો છે. વિગતો મુજબ આરોપી ડૉ.પ્રશાંત વજીરાણીએ ૪ વર્ષમાં ૭ હજાર સર્જરી કરી હોવાનો ખુલાસો થયો છે. આરોપીએ ૪૨ દિવસમાં ૨૨૧ એન્ડિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. જેમાં ઓક્ટોબર મહિનામાં ૧૬૬ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી તો નવેમ્બર મહિનામાં ૫૫ એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી હતી. આયુષ્યમાન યોજનાનો લાભ લેવા તમામ ફાઈલ મોકલાવામાં આવી હતી.







પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Tuesday
19-11-2024


લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

### ફ્લાવર શોમાં ન્યૂસન્સ ના થાય તે માટે એન્ટ્રી ફી લેવામાં આવશે

# અમદાવાદની શાન ગણાતા કાંકરિયા કાર્નિવલનું આયોજન હવે ખાનગી એજન્સીને હવાલે કરાશે

## દિવાળીનાં તહેવારોમાં શોપીંગ ફેસ્ટિવલની શરૂઆત બાદ હવે શહેરમાં મ્યુનિ. દ્વારા આયોજિત ઉત્સવોની મોસમ આવી રહી છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

દિવાળીનાં તહેવારોમાં શોપીંગ ફેસ્ટિવલની શરૂઆત બાદ હવે શહેરમાં મ્યુનિ. દ્વારા આયોજિત ઉત્સવોની મોસમ આવી રહી છે. આગામી દિવસોમાં બુક ફેસ્ટિવલ, કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર શો અને ફૂડ ફેસ્ટિવલનાં આયોજનની તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે, પરંતુ તેમાં આ વર્ષથી કાંકરિયા કાર્નિવલનાં આયોજનની જવાબદારી ખાનગી એજન્સીને હવાલે કરવાની હિલચાલ ચાલી રહી છે, તેનાથી અનેક લાગતાવળગતાઓ નારાજ થવાની શક્યતા વધી જવા પામી છે.



મ્યુનિ. સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઐતિહાસિક કાંકરિયા તળાવનું ડેવલપમેન્ટ કરાવીને શહેરીજનો માટે કાંકરિયા કાર્નિવલનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં કાંકરિયા લેકફ્રન્ટમાં ત્રણ ચાર જગ્યાએ સ્ટેજ બનાવી ભારત જોડો કાર્યક્રમ, સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમો, મલ્ટીમીડિયા શો, લેસર શો સહિત વિવિધ પ્રકારની એક્ટિવિટીનું આયોજન મ્યુનિ.નાં અધિકારીઓ દ્વારા જ કરવામાં આવતું હતું.કાંકરિયા કાર્નિવલમાં પરફોમન્સ કરવાની તક મળે અને સાથે કમાણી પણ થાય તેવા હેતુથી અનેક સંસ્થાઓ, ગ્રૂપ અને વ્યક્તિઓ તેમનાં ઓળખીતા રાજકારણીઓની મદદ લેતાં હતા. શાસક ભાજપનાં અગાઉનાં અમુક હોદ્દેદારોએ પણ અનેક મિત્રો અને ભલામણોવાળાઓને તક આપી છે. એટલું જ નહિ, ડે.કમિશનરો તથા કાંકરિયા કાર્નિવલનાં આયોજન સાથે સંકળાયેલાં અધિકારીઓએ પણ પોતાનાં ઓળખીતાઓને તક આપવાની સાથે કમાણી કરવાની તક છોડી નથી તેવી ચર્ચા વર્ષોથી ચાલી આવે છે.

દરમિયાનમાં વર્તમાન મ્યુનિ. કમિશનરે કાંકરિયા કાર્નિવલના આયોજનમાં ધરખમ ફેરફારો કરતાં કાર્નિવલનું આયોજન ખાનગી એજન્સીને સોંપવાનો નિર્ણય લીધો છે અને એજન્સીઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ કરી દેવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે અધિકારીઓનું કહેવું છે કે, કાર્નિવલનાં આયોજનમાં ખાનગી એજન્સીને સઘળી જવાબદારી સોંપી દેવાથી કંઈક તો નવીનતા જોવા મળશે અને પ્રોફેશનલ ટચનાં કારણે કાર્નિવલ કંઈક અલગ પ્રકારે જ માણવા મળશે.મ્યુનિ. સૂત્રોએ કહ્યું કે, કાંકરિયા કાર્નિવલ ૨૫મી ડિસેમ્બરે પ્રારંભ થશે તે પહેલાં મ્યુનિ. અને નેશનલ બુક ટ્રસ્ટનાં ઉપક્રમે ૩૦મી નવેમ્બરથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૪ યોજવામાં આવશે. અગાઉ બુક ફેર રિવરફ્રન્ટમાં યોજવાની શરૂઆત થઈ હતી, ત્યારબાદ જુદી જુદી જગ્યાઓએ બુક ફેર યોજવાનાં પ્રયોગો પણ થઈ ચૂક્યા છે. જોકે, હવે રિવરફ્રન્ટ ઉપર યોજાનારા બુક ફેર માટે આસિ.કમિશનર તેજસ ભંડારીને જવાબદારી સોંપીને તેમનાં હાથ નીચે અન્ય અધિકારીઓને અલગ અલગ કામગીરી સોંપવામાં આવી છે.

## જૂનાગઢમાં ઇકોઝોનને લઈને 'ઇકોનોમી ક્લાસ'નુ આંદોલન

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૮ ।

જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના ૧૯૬ ગામોના ખેડૂતો ઈકો ઝોનને કાળો કાયદો ગણાવી વિરોધ કરી રહ્યા છે. આજે ભાલચેલમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.ખેડૂતોએ ઈકો ઝોનના જાહેરનામાને કાળો કાયદો ગણાવી વિશાળ ટ્રેક્ટર રેલી કાઢી વન વિભાગના અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ભાલચેલમાં હેલીપેડ ગ્રાઉન્ડથી સાસણ ફોરેસ્ટ ઓફિસ સુધી મોટી સંખ્યામાં ખેડૂતોએ ટ્રેક્ટર રેલી કાઢી આ કાયદા સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતે કહ્યું- અમારા દીકરાઓ તમારી દીકરીઓ અને દીકરાઓને પરણાવે તો અમને ખબર પડી જશે. કારણ કે, અમે ખુશ છીએ, અમે તમારા પુત્ર-પુત્રીઓને દુઃખી થવા દઈશું નહીં. માધુપુર ગામના ખેડૂત આગેવાન નાગજીભાઈએ ઈકો ઝોન સામે કહ્યું હતું કે અમે ઈકો ઝોનમાં આવીશું તો અમને કોઈ દીકરીઓ નહીં આપે.

## વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારના પુત્ર તપન પરમારની હત્યા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૮ ।

વડોદરામાં ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારના પુત્ર તપન પરમારની હત્યા કરવામાં આવી હતી જેમાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું છે. આ સમગ્ર ઘટના પોલીસ સામે બની હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. કુખ્યાત આરોપી બાબર પઠાણે હત્યા કરી હોવાની માહિતી મળી છે. પોલીસે આ મમાલે તપાસ હાથ ધરી છે.વડોદરામાં મહેતાવાડીમાં થયેલ મારમારીમાં ઈજાગ્રસ્ત તપન પરમારને સારવાર માટે એસએસજી હોસ્પિટલ લાવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન મોત થતા ડીસીપી,એસીપી કક્ષાના અધિકારીઓ પણ જીજીર પહોંચ્યા હતા. સંગઠનના હોદ્દેદાર, કોર્પોરેટર કારેલીબાગ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.ગત ૪ સપ્ટેમ્બરે, શિનોર તાલુકામાં નૌકા પ્રશિક્ષણ કેન્દ્ર નજીક જાડી ઝાંખરા પાસે એક આધેડ વયની મહિલાની નગ્ન લાશ બાંધેલી શિનોર પોલીસને મળી હતી.

## ડિગ્રી વગર એલોપેથિક દવા રાખીને ક્લિનિક ચલાવતા કાકા-ભત્રીજો ઝડપાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેરના મેમનગર વાળીનાથ ચોક પાસેના ગોપાલનગરમાં પોલીસે બાતમીના આધારે રેડ પાડી નકલી ડોક્ટર અને કમ્પાઉન્ડરને ઝડપી લીધા છે. આરોપી કાકા-ભત્રીજા દુકાન ભાડે રાખીને એલોપેથિક દવા રાખતા હતા. કોઈપણ લાઈસન્સ અને ડિગ્રી વિના દવાખાનું ચલાવતા હતા. આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી છે.ગુજરાત યુનિવર્સિટી પોલીસને કંટ્રોલ રૂમ તરફથી મેસેજ મળ્યો હતો કે મેમનગર ગોપાલનગર ખાતે રોહીદાસનું દવાખાનું નકલી છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસે અર્બન હેલ્થ સેન્ટરમાં જઈને ડોક્ટરને લેખિત યાદી આપી હતી. ડોક્ટરની ટીમ, મ્યુનિ.ની હેલ્થ વિભાગની ટીમ સાથે પોલીસે જઈને મેમનગર વાળીનાથમાં દુકાનમાં તપાસ કરી હતી. ત્યાં મની ક્લિનિક લખેલી દુકાનમાંથી એલોપેથિક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે રૂહિદાસ ઢાલી નામનો ૨૮ વર્ષનો યુવક પણ મળી આવ્યો હતો. રૂહિદાસની પૂછપરછ કરતા તે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી છે અને કેટલાક સમયથી દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવીને લોકોને દવા આપતો હોવાનું સામે આવ્યું હતું. દર્દીઓને દવા આપવા માટે કોઈ માન્ય સર્ટિફિકેટ ન હોવાથી પોલીસે ૪૨ હજારની મતાની દવાઓ કબ્જે કરી છે.

### બુકાનીધારી મહિલા વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ભાગી હતી

# લૂંટના ઇરાદે વૃદ્ધાના ઘરમાં ઘૂસેલા પ્રેમી યુગલની વાડજ પોલીસે ધરપકડ કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

ઉસ્માનપુરામાં આવેલી શાંતિનગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે બંગ્લોના ધાબેથી બુકાનીધારી મહિલા ઘરમાં ઘૂસી હતી. આ મહિલાએ લૂંટ કે ચોરીના ઈરાદે વૃદ્ધાની આંખમાં મરચાની ભૂકી નાખી ઝપાઝપી કરી હતી. બાદમાં વૃદ્ધાને બાથરૂમ અને રૂમમાં પૂરવાની પણ કોશિશ કરી હતી. આ મહિલા ચોરી કે લૂંટ કરવામાં સફળ ન થતાં ત્યાંથી ભાગી ગઈ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરીને ગણતરીના સમયમાં જ આરોપી મહિલાના સાગરીતના એક્ટિવાના નંબરથી પ્રેમી યુગલની ધરપકડ કરી છે. ઉસ્માનપુરા શાંતિનગર સોસાયટીમાં રહેતા પરાગબેન શાહના મકાનના નીચેના ભાગે તેમના પતિ નર્સિંગ હોમ ચલાવતા હતા. જે ચાર વર્ષથી બંધ હાલતમાં છે અને ત્યાં સ્ટાફના શાંતાબેન રહે છે. ગત શુક્રવારે સવારે પરાગબેન ઘરે એકલા હતા તેવામાં સાડા આઠેક વાગ્યે મકાનના ધાબાની સીડી વાટેથી એક બુકાનીધારી મહિલા ગોગલ્સ પહેરીને આવી હતી. આ મહિલાને બુકાની અને ગોગલ્સ કાઢવાનું કહેતા જ તેણે વૃદ્ધા પર હાથ મારીને ચશ્મા કાઢી નાખી આંખમાં મરચાની ભુકી નાખી દીધી હતી. બાદમાં તેમને ખેંચીને બાથરૂમ અને બેડરૂમમાં પૂરી દેવાની કોશિશ કરી હતી. વૃદ્ધા ભાગીને મુખ્ય રૂમમાં દોડી આવતા આ બુકાનીધારી મહિલા ઘરનો દરવાજો બહારથી બંધ કરીને ભાગી ગઈ હતી. વાડજ પોલીસે આ મામલે તપાસ કરતા મહિલા આરોપીના સાગરિતના વાહનનો નંબર મળી આવ્યો હતો. જેથી પોલીસે તે નંબર આધારે તપાસ કરી હતી અને ગણતરીના કલાકોમાં બે આરોપીની ધરપકડ કરી બે એક્ટિવા પણ કબજે કર્યા છે. પોલીસે યશ ઉર્ફે શિવમ કૈલાશભાઈ દેવીદાસ ભાવસાર (ઉ.૨૩, રહે. રાણીપ અને વડોદરા) તથા રાખી પરમેશભાઈ ખાંટ (ઉ.૨૪, રહે. ચાંદલોડિયા)ની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં જણાયુ છે કે વડોદરાના યશ ભાવસારે તેની પ્રેમિકાને સાથે રાખીને ઝડપથી પૈસા કમાવા માટે લૂંટ કે ચોરીનો પ્લાન કર્યો હતો.આ બંગ્લામાં પહેલા નર્સિંગ હોમ ચાલતુ હતું. જ્યાં મહિલા આરોપી રાખીની માતા નોકરી કરતી હોવાથી રાખી બંગ્લાની ગતિવિધિઓથી વાકેફ હતી.

## પ્રેમીએ પ્રેમિકાના પતિનું અપહરણ કરી માર મારી હાથ-પગ તોડી નાખ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

પરણિતાના પ્રેમીએ પતિનું અપહરણ કરી બેઝબોલ સ્ટિક મારી હાથ-પગ તોડી નાખ્યા હોવાનો કિસ્સો બન્યો છે. પરણિતાએ પ્રેમી સહિત ચાર શખ્સો સામે સરદારનગર પોલીસ સ્ટેશનમાં અપહરણ અને મારામારીની ફરિયાદ નોંધાવી છે.સરદારનગરમાં ૩૧ વર્ષીય મહિલા પતિ અને બાળકો સાથે રહેતી હતી. પતિ દારૂની લતવાળો હોઈ પરણિતા સંતાનોને લઈને પિયરમાં રહેવા જતી રહી હતી. ઘણા સમયથી દંપતી સાથે રહેતા ન હતા. જોકે, તહેવારોમાં પતિ પત્ની અને સંતાનોને મળવા સાસરીમાં આવતો હતો. ગત દેવદિવાળીની રાત્રે પતિ બાળકો માટે ફટાકડા લઈને સાસરીમાં ગયો હતો. ત્યાં મોડી રાત સુધી સૌએ ભેગા મળી ફટાકડા ફોડ્યા હતા. બીજી તરફ, પરણિતાને પાડોશી યુવક સાથે પ્રેમસંબંધ હતો. દેવદિવાળીની રાત્રે પતિ આવ્યો તે બાબતથી પ્રેમી નારાજ હતો.

## અમરેલીમાં એક સાધુએ અન્ય સાધુને ઢોર માર માર્યાનો વીડિયો વાયરલ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૮ ।

અમરેલીમાં એક સાધુએ અન્ય સાધુને ઢોર માર માર્યાનો વીડિયો વાયરલ થયો છે. ભગુડાના સાધુને વિધર્મી ગણાવી જટા કાપી દીધી હતી. અજાણ્યા બે શખ્સોએ આ કૃત્ય આચર્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સાધુને વિધર્મી ગણાવી, અપમાનજનક શબ્દો બોલ્યા હોવાનું વીડિયોમાં સામે આવ્યું છે.અમરેલીમાં બે શખ્સોએ ખાંભાના રાજધાની ચોકડી પાસે ખોડીયાર આશ્રમમાં સૂતેલા સાધુને અજાણ્યા બે સાધુ દ્વારા મારામારી કરી અને જટા કાપી રૂપિયા ૨૧૦૦૦ની લૂંટ ચલાવાઈ હતી. બે શખ્સોએ જટા કાપ્યાનો વીડિયો પણ બનાવ્યો હતો. અર્જુનગીરી નામના સાધુ અને અન્ય એક સામે આરોપ મૂકવામાં આવ્યો હતો. સાધુઓએ મોબાઈલ સહિત રોકડ રકમની પણ લૂંટ ચલાવી હતી. આ મામલે ખાંભા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી.



### પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી

# મોરબીમાં યમરાજના ડેરા !! જિલ્લામાં અલગ અલગ પોલીસ મથકમાં અપમૃત્યુના પાંચ બનાવો

## નીચી માંડલ ગામે કારખાનાની મજૂર ઓરડીમાં અકળ કારણોસર યુવકે આપઘાત કરી લીધો

। પ્રતિનિધિ, મોરબી, તા.૧૮ ।

મોરબી જીલ્લામાં અલગ અલગ પોલીસ મથકમાં અપમૃત્યુના પાંચ બનાવોની નોંધ થઈ હતી, જેમાં શહેરના શોભેશ્વર રોડ ઉપર લીમડાના ઝાડ સાથે ગળેફાંસો ખાઈ આધેડે આપઘાત કર્યો હતો, જુના જાંબુડીયા ગામે ગેસ લાઈન ફાટતા ૧૬ વર્ષીય સગીરાનું સારવારમાં મૃત્યુ થયું હતું, જ્યારે સગીર પરિણીતાનું બાથરૂમમાં બહાર પાડી જવાથી સારવારમાં મોત થયું હતું, આ સિવાય એકલવાયા જીવનથી કંટાળી યુવકે ગળેફાંસો ખાઈ લેતા મૃત્યુ થયું હતું જ્યારે નીચી માંડલ ગામે કારખાનાની મજૂર ઓરડીમાં અકળ કારણોસર યુવકે આપઘાત કરી લીધો હતો.ત્યારે પ્રથમ અપમૃત્યુના બનાવમાં જુના ઘુંટુ રોડ ઉપર સિમ્પોલો સીરામીકમાં રહેતા ગોપલભાઈ સોહનભાઈ ધાસી ઉવ.૪૨ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાધેલ હાલતમા શોભેશ્વર રોડ લેન્ડવુડ સીરામીક સામે લીમડાના ઝાડ સાથે ગળાફાંસો ખાધેલ હાલતમાં મળી આવતા તેમની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઈ આવતા સીટી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.




બીજા અપમૃત્યુના બનાવની મળતી માહિતી મુજબ મોરબી તાલુકાના જુના જાંબુડીયા ગામે ધર્મસિધ્ધિ સોસાયટીમાં દેવાંસીબેન રામસિંગભાઈ રાઠવા ઉવ.૧૬ ગઈ તા. ૧૪/૧૧ના રોજ સવારના ૯ વાગ્યા આસપાસ જમવાનુ બનાવતી વખતે ઘરે ગેસની લાઇન ફાટતા દેવનસીબેનને ઈજાઓ પહોંચી હતી જેથી તેઓને મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનુ બે દિવસની ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેથી હોસ્પિટલ મેડિકલ અધિકારી દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે સગીરાના મોતની અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.જ્યારે ત્રીજા અપમૃત્યુના બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના કાનપુર જીલ્લાના સૈનારા ગામની વતની હાલ મોરબીના પીપળી ગામે રહેતા ૧૬ વર્ષીય પરિણીતા બબીતાદેવી અરવિંદકુમાર તા-૦૨/૧૦ રાત્રીના ૮ વાગ્યાના અરશામા પોતાના પીપળી સ્થિત ઘરમાં બાથરૂમની બહાર પડી જતા ઈજા થતા બબીતાદેવીને પ્રથમ સારવારમાં મોરબીમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જે બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવીલ હોસ્પીટલમાં રીફર કરતા ત્યાં સરકારી હોસ્પિટલ અમદાવાદમાં દાખલ કર્યા હતા જ્યાં ચાલુ સારવારમાં તા.૧૯/૧૦ ના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું, જેથી અમદાવાદ શાહીબાગ પોલીસ ચોકી ટીમે ઈક્વેસ્ટ પંચનામું કરી લાશનું પીએમ કરાવી બનાવ મોરબી તાલુકા પોલીસ મથક હદનો હોય જેથી તમામ કાગળો મોરબી ટ્રાન્સફર કરતા તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરી છે.

---

### ગોળીબારના કારણે ઓખાની બોટ પલટી ગઈ

# પાકિસ્તાની મરીને ઓખાની ભારતીય માછીમારોની બોટ પર ફાયરિંગ કરી ડૂબાડી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

પાકિસ્તાની મરીને ફરી એકવાર હિંમત બતાવી છે. મોડી રાત્રે પાકિસ્તાની મરીને ઓખાની બોટ પર ગોળીબાર કર્યો હતો. સદનસીબે માછીમારોનો આબાદ બચાવ થયો હતો. બોટ પલટી ગઈ હોવાનું જાણવા મળે છે. બોટના માછીમારોને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે.

પાકિસ્તાની મરીન સિક્યુરિટી ગાર્ડ સતત ભારતીય બોટ અને માછીમારોનું અપહરણ કરી રહ્યા છે. જો કે છેલ્લા કેટલાક સમયથી શાંતિ પ્રવર્તી રહી છે, પરંતુ પાકિસ્તાની મરીને ફરી એકવાર હિંમત બતાવી છે. ગઈકાલે એટલે કે રવિવારે રાત્રે પાકિસ્તાની મરીને ભારતીય જળસીમા નજીક માછીમારી કરતી ઓખાની બોટ પર ગોળીબાર કર્યો હતો. જે બાદ દરિયામાં હંગામો મચી ગયો હતો. ગોળીબારના કારણે ઓખાની બોટ પલટી ગઈ.

ઘટનાની માહિતી મળ્યા બાદ, કોસ્ટ ગાર્ડ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયો અને જાણ થઈ કે બોટના માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે. આજે બપોરે તેમને ઓખા બંદરે લાવવામાં આવશે. ભારતીય જળસીમા નજીક પાકિસ્તાની મરીન દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે ગુજરાતના માછીમારોમાં ભયનો માહોલ છે.

# યુવતીનું ફેક ઇન્સ્ટા એકાઉન્ટ બનાવી ફોટા મૂકી પૈસા માગ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૮ ।

યુવતીઓ અને મહિલાઓના ફેક એકાઉન્ટ બનાવી તેમને બદનામ કરતા સાયબર ગઠિયાઓથી મહિલાઓ પરેશાન થઈ ગઈ છે ત્યારે જ અમદાવાદમાં વધુ એક યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી તેના પર 'હેલ્પ મી' લખીને પૈસા પડાવવામાં આવતા હતા. આ બાબતે યુવતીને જાણ થતાં તેણે સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદને આધારે વધુ તપાસ આદરી છે.શહેરના પોશ વિસ્તારમાં રહેતી યુવતી ખાનગી લેબમાં કામ કરે છે અને લાંબા સમયથી ઈન્સ્ટાગ્રામમાં પોતાનું એકાઉન્ટ ઓપરેટ કરે છે. થોડા સમય પહેલાં જ તેને સ્વજનો દ્વારા જાણવા મળ્યું હતું કે તેના નામનું ફેક એકાઉન્ટ બનાવીને કોઈએ તેના પર યુવતીના જુદા જુદા વીડિયો અને ફોટા મૂક્યા છે. આટલું જ નહીં, ફેક એકાઉન્ટ બનાવનારે પોતાને રૂપિયાની ખૂબ જ જરૂર હોવાથી 'હેલ્પ મી' લખીને લોકો પાસેથી પૈસા માગવામાં આવી રહ્યા છે.









## તંત્રી લેખ...

# મુખ્યમંત્રીઓ માટે માત્ર પોતનાં રાજ્ય સિવાય દેશનું કોઈ અસ્તિત્વ નથી રહ્યું?

સ્ત્રીઓ સંદર્ભે આપણીસામંતી માનસિકતા, સામંતી યુગ પૂરો થવા છતાં બદલાઈ નથી. આજકાલ તો સ્ત્રીઓ વિષે અશ્લીલ વાતો કે હરકતો કરવાનું અમુક વર્ગમાં સામાન્ય છે. જાહેરમાં થતાં સ્ત્રીઓ વિષેનાં અભદ્ર ઉચ્ચારણો પર કાનૂની કાર્યવાહી થવી જોઈએ. દુખદ તો એ છે કે આવી અભદ્ર ટિપ્પણી કરનાર નેતાઓ સામે સ્ત્રીઓ ને વિપક્ષો બળાપો ઠાલવતાં હોય છે, પણ જે તે પક્ષ એવા નેતા સામે કોઈ પગલાં લેતો નથી ને ક્યારેક તો એને છાવરે છે. એનો અર્થ જ એ કે સ્ત્રી કરતાં સત્તા સર્વોપરી છે. કમનસીબી એ છે કે આ રાજકારણ પૂરતું સીમિત નથી, પણ તમામ સત્તા સ્થાનો એનાથી પ્રભાવિત છે. રાજકારણીઓની માનસિકતા સામે મહિલાઓએ મોરચો માંડી સખત વિરોધ નોંધાવવો જોઈએ. સાધારણ રીતે ઘણા રાજકારણીઓને મહિલાઓ રાજકીય ક્ષેત્રે આગળ વધે એ ગમતું હોતું નથી. રાજકીય પક્ષો સત્તા હોય તો ટકાવવા અને ન હોય તો મેળવવા જીવ પર આવી જતા હોય છે. એમાં કોઈ સેવા કરે છે એવું તો સપનુંય પડતું નથી. ચૂંટણી જીતવી અને જીત્યા પછી સત્તા સુધી પહોંચવું એ એક માત્ર લક્ષ્ય પક્ષોનું હોય છે. સમય જતા હવે સ્ત્રીઓ સત્તા પર આવે છે કે ટિકિટ મેળવીને ચૂંટણી પણ લડે છે. પુરુષોની જેમ જ સ્ત્રીઓ પણ હવે રાજકીય લાભ જોઈને પક્ષ બદલે છે. સ્પર્ધાનું ધોરણ એવું થયું છે કે સ્ત્રીઓ હવે પુરુષની બરાબરી કરે છે.આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન.ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં જ એમ કહ્યું કે આંધ્રમાં વૃદ્ધોની વસ્તી વધી રહી છે તો લોકોએ બે કે તેથી વધુ બાળકો પેદાં કરવાં જોઈએ, જેથી તેમની સંભાળ રાખી શકાય. એમણે એ પણ ઉમેર્યું કે બે કે વધુ બાળકો ધરાવનાર જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકે એવો કાયદો રાજ્ય સરકાર લાવવા જઈ રહી છે. નાયડુએ એની પાછળનો તર્ક એવો આપ્યો કે ઘણાં ગામડાઓમાં વૃદ્ધો જ રહી ગયા છે અને યુવાનો ક્યાં તો વિદેશ ચાલી ગયા છે અથવા તો અન્ય રાજ્યોમાં સ્થાયી થયા છે, એથી યુવાનોની વસ્તી ઘટી રહી છે. બાળકો ઓછાં હોવાને કારણે એમ થયું છે. બાળકો વધશે તો વસ્તી સંતુલિત થશે. એક સમય હતો જ્યારે આ જ નાયડુ વસ્તી નિયંત્રણની વાત કરતા હતા ને હવે વસ્તી વધારવાની હિમાયત કરે છે. એક સમૂહ લગ્નના એક કાર્યક્રમમાં તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને લોકોને અપીલ કરી છે કે પરિણીત યુગલો ૧૬ બાળકો પેદા કરે. મુખ્યમંત્રીએ ૩૧ યુગલોનાં લગ્નમાં ઉપસ્થિત રહેતા કહ્યું કે પહેલાં વડીલો નવવિવાહિતોને ૧૬ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાઓ- એવો આશીર્વાદ આપતા હતા, તેને બદલે હવે ૧૬-૧૬ બાળકો પેદા કરવાની જરૂર છે.

## થોડું હટકે...

# ભિખારીએ જમણવાર પર ખર્ચ્યા સવા કરોડ રૂપિયા !

પાકિસ્તાનમાં ભયંકર ગરીબીની સ્થિતિ જોવા મળે છે. સતત ભૂખમરા અને આતંક સામે ઝઝૂમી રહેલા પાકિસ્તાનમાંથી એક એવા ચોંકાવનારા સમાચાર આવ્યા છે. જેની ચર્ચા સોશિયલ મીડિયા પર થઈ રહી છે. વાત જાણે એમ છે કે મીડિયા રિપોર્ટ્સ મુજબ એક ભિખારીએ પોતાના દાદી અવસાનના ૪૦ દિવસ પૂરા થતાં શાનદાર દાવતનું આયોજન કર્યું. આ જમણવારમાં ૨૦ હજાર લોકોને બોલાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. જમણવાર પર સવા કરોડ પાકિસ્તાની રૂપિયા જેટલો ખર્ચો થયો. આયોજનના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેના પર લોકો કમેન્ટ કરી રહ્યા છે. આ જમણવાર પાકિસ્તાનના ગુજરાનવાલાના ભિખારી પરિવારે કર્યો. દાદીના અવસાનના ૪૦ દિવસ પૂરા થતા પંજાબના અનેક શહેરોથી લોકોને બોલાવવામાં આવ્યા હતા. લોકો ભિખારી પરિવારનું આયોજન જોઈને દંગ રહી ગયા. ભિખારી પરિવારના મુખિયાના જણાવ્યાં મુજબ તેમના પરિવાર સમગ્ર પાકિસ્તાનથી લોકોને બોલાવ્યા હતા. સમારોહમાં આવેલા લોકોને સીરી, પાયા, મુરબ્બા આપવામાં આવ્યા. નાના ગોસ્ત અને કોલ્ડ ડ્રિંક પણ આપવામાં આવ્યા. સમારોહની શરૂઆતમાં મહેમાનોને પરંપરાગત નાસ્તાનું મેન્યુ અપાયું. સાંજે જમણવારમાં ખાસ વ્યંજન બનાવવામાં આવ્યા. જેમાં ૨૫૦ બકરાનું મીટ પિરસવામાં આવ્યું. મહેમાનોને નાન મટરગંજ (મીઠા ભાત), કોમલ મટનનો સ્વાદ ચાખવા મળ્યો. ગાજર અને સફરજનના ખાસ વ્યંજનો ઉપરાંત અનેક પ્રકારના પીણા પણ સર્વ કરાયા હતા. આ ભવ્ય સમારોહ ગુજરાનવાલાના કેન્ટ વિસ્તારમાં રહેવાલી રેલવે સ્ટેશન પાસે આયોજિત કરાયો હતો. હજારો લોકોને શમિયાના નીચે બેસાડીને પકવાન પિરસવામાં આવ્યા. આ સમારોહ બાદ ભિખારી પરિવારના ખર્ચા અને જીવનશૈલી અંગે પણ લોકોમાં ચર્ચા છે. લોકો સવાલ કરી રહ્યા છે કે આખરે ભિખારી પરિવાર પાસે આટલો પૈસો ક્યાંથી આવ્યો? એવું કહેવાય છે કે પરિવાર પહેલેથી જ કરોડોના કરજમાં ડૂબેલો છે. લોકો ભિખારી પરિવારનું આયોજન જોઈને દંગ રહી ગયા. ભિખારી પરિવારના મુખિયાના જણાવ્યાં મુજબ તેમના પરિવાર સમગ્ર પાકિસ્તાનથી લોકોને બોલાવ્યા હતા. સમારોહમાં આવેલા લોકોને સીરી, પાયા, મુરબ્બા આપવામાં આવ્યા. નાના ગોસ્ત અને કોલ્ડ ડ્રિંક પણ આપવામાં આવ્યા.



વાંચન વિશેષ

લેખક : ફાલ્ગુની વસાવડા

**સમયની રીતે આપણે ઘણીવાર સરખામણી કરી ચૂક્યા છીએ,અને દરેક કાળમાં સારાં ખરાબ લોકો હતા જ!**

**સીધો સાદો એક સવાલ દરેકના મનમાં ઊઠે કે આપણે જે જીવી રહ્યા છીએ તે સાચું નથી! આપણે સંસારી કે સંન્યાસી થવું નથી. પરંતુ જે સંસારનો માર્ગ આપણે પોતે કબૂલ્યો હતો, છતાં એમાંથી આપણને રસ કેમ નથી આવતો!**

# દરેકનાં જીવનમાંથી પ્રેમ તત્વ મિસિંગ થતું જાય છે! એને કારણે અશાંતિ અનુભવાય છે

**આ એક સવાલ સૌને થવો જરૂરી છે કે, વીતેલા સમયમાં એવું શું હતું? કે જે વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક શાંતિ બનાવી રાખતું હતું**

**હે ઈશ્વર.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઘણાંને એમ થતું હશે કે બેન રોજ સવારે શું જીવન સુધારવા કે સંન્યાસ અને વૈરાગની વાત કરે છે? આપણે તો સંસારી છીએ, અને સંસારમાં જ રહેવાનું છે, ત્યાં આવી તકિયાનુંસી વાતોનો શું મતલબ! પણ બહુ લાંબા સમયથી જે આ ચિંતનની ક્ષણેનો લેખ વાંચતા હશે, એ તો સમજી જાય કે બેન આપણને કંઈ સંન્યાસી કે વૈરાગી બની જાવ એવું કહેવા માંગતા નથી! પરંતુ વ્યક્તિગત જીવનમાં, પરિવાર જીવનમાં અને સામાજિક જીવનમાં શાંતિ આવે એવું જીવન જીવી શકવાની ક્ષમતા જ સંસારી માટે બુદ્ધત્વની દશા દર્શાવે છે, એ તરફ અંગુલિનિર્દેશ કરે છે.



સાંપ્રત સમયમાં વ્યક્તિગત, પારિવારિક, કે સામાજિક, એકેય સ્તરે માનવી શાંતિ અનુભવી શકતો નથી! અને એને કારણે વિજ્ઞાનની આટલી મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરવાં છતાં, સુખ સુવિધાનાં સાધનોની હારમાળા હોય છે, તો પણ આપણે જોઈએ એટલા પ્રસન્ન રહી શકતા નથી. એના પરથી કહી શકાય કે વૈજ્ઞાનિક વિકાસ માટે ઘણું બધું સ્વાહા કરી દીધું, અને જેણે જેણે વિકાસના સાધનો વગર વિચાર્યે અપનાવ્યાં પણ સ્વકેન્દ્રિત થઈ સંવેદના હીન થતાં જાય છે. મહાત્મા ગાંધીજીને યાદ કરીએ તો સંવેદનાહીન વિજ્ઞાન એ સામાજિક પાપ છે! પાપ પુણ્યની રીતે વિચારીએ તો આ પાપ વારંવાર થતું હોવાથી સમાજ એની સજા ભોગવી રહ્યો છે! એટલે બહુ સ્વાભાવિક રીતે જ આ સજામાંથી મુક્ત થવું હોય તો પુણ્ય પણ કરવા પડશે, અને પાપ પુણ્યનું એ પલ્લુ બેલેન્સ થાય તો જ સમાજ શાંતિ અનુભવી શકશે! દરેક વ્યક્તિ પોતાનાં હિસ્સામાં આવેલી સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારી નાનું નાનું સારું કર્મ કરે, તો આ પાપ પુણ્યનું પલ્લું સંતુલિત થઈ શકે, અને એ માટે આ ચિંતનની ધારા રોજ સવારે સદગુરુ કૃપાથી વહે છે. ચિંતનને લઈને રોજ કઈ કેટલાય પ્રતિભાવો આવે છે, કેટલાય ફોન આવે છે, અને સામેની વ્યક્તિ એને અહોભાવથી મૂલવે છે, એ બતાવે છે કે વાચકને પણ ખબર છે કે, પોતે જે જીવે છે એ સાચું નથી માટે શાંતિ નથી.

સીધો સાદો એક સવાલ દરેકના મનમાં ઊઠે કે આપણે જે જીવી રહ્યા છીએ તે સાચું નથી! આપણે સંસારી કે સંન્યાસી થવું નથી. પરંતુ જે સંસારનો માર્ગ આપણે પોતે કબૂલ્યો હતો, છતાં એમાંથી આપણને રસ કેમ નથી આવતો! ભોગ મળે ત્યાં સુધી સુખ અને ન મળે ત્યારે દુઃખ, તો કોઈને આવતીકાલે નહીં મળે ત્યારે શું થશે! એનું દુઃખ, તો કોઈને ભૂતકાળમાં આવું શું કામ થયું! એનું દુઃખ, અને કોઈને પેલાને મળ્યું એવું મને કેમ નહીં એનું દુઃખ, આમ ક્ષણિક સુખ આગળ આટલા મોટા દુઃખનો જથ્થો એ સુખને ભુલાવી દે છે, અને માનવી એ સુખને મેળવવા સતત પ્રયત્નશીલ રહેવા લાગે છે. પણ કોઈપણ પ્રકારનું ભોગીક કે ભૌતિક સુખ કાયમી હોતું નથી, અને એને કારણે અસંતોષની પીડા વધતી જાય છે, જે જીવનમાં આનંદ કે શાંતિને ટકવા દેતી નથી.

સમયની રીતે આપણે ઘણીવાર સરખામણી કરી ચૂક્યા છીએ,અને દરેક કાળમાં સારાં ખરાબ લોકો હતા જ! પણ સારા લોકો વધુ હતાં. એટલે કે સતયુગ ત્રેતાયુગ દ્વાપર અને કળિયુગની સરખામણીમાં તો તફાવત હોય જ, પરંતુ માત્ર કળિયુગની જ સરખામણી કરીએ તો પણ જોવા મળે કે વીતેલા વર્ષોમાં આટલી બધી સામાજિક અશાંતિ નહોતી. સામાજિક સ્તરે શાંતિ સ્થાપવી હોય તો ચિંતન મનન કરવું પડશે.આ એક સવાલ સૌને થવો જરૂરી છે કે, વીતેલા સમયમાં એવું શું હતું? કે જે વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક શાંતિ બનાવી રાખતું હતું. નરસિંહ નાં શબ્દોમાં કહીએ તો, પ્રેમ નામનું એ અમૂલ્ય રસાયણ કે ઔષધ! ,કે પછી મીરાં નાં શબ્દોમાં કહીએ પ્રીત નામની એ અમૂલ્ય સંજીવની, આ પ્રેમ તત્વ દિવસે દિવસે દરેકનાં જીવનમાંથી મિસિંગ થતું જાય છે, અને એને કારણે અશાંતિ અનુભવાય છે. આ પ્રેમ તત્વ ધીરે ધીરે ઓછું થતું ગયું, એને કારણે આપણી પ્રસન્નતા ઓછી થતી ગઈ તેથી અશાંતિ અનુભવાય છે.



વિશેષ

વસંત મહેતા (વરિષ્ઠ પત્રકાર)

**પશ્ચિમ બંગાળમાં ૧૬૪, તામિલનાડુમાં ૧૫૧, મહારાષ્ટ્રમાં ૧૩૩, કર્ણાટકમાં ૯૧ અને ગુજરાતમાં ૭૭ થી વધુ ઉર્જા સમૂહ આવેલા છે**

**કેટલાક કિસ્સામાં માતા-પિતા મજબૂર બનતા હોય છે અંતે વૃદ્ધાશ્રમમાં આશ્રય લેવા માટે જતા હોય છે. સંયુક્ત પરિવારો હવે કોઈને કોઈ કારણસર વિભક્ત કુટુંબમાં ફેરવાઈ રહ્યા છે.**

# દેશમાં ૭૨૮ વૃદ્ધાશ્રમો : સૌથી વધુ ૧૮૨ કેરાળામાં,સમાજ માટે ચિંતાનો વિષય

**તાજેતરમાં થયેલા સર્વે અનુસાર માત્ર અમદાવાદમાં જ ૫૦થી વધુ વૃદ્ધાશ્રમો આવેલા છે. જ્યારે ગુજરાતમાં ૨૦૦ થી ૩૫ હોવાનો અંદાજ છે.**

દેશમાં વધી રહેલા વૃદ્ધાશ્રમો ની સંખ્યામાં દિન -પ્રતિ દિન વધારો થઈ રહ્યો હોવાથી જે સમાજ માટે ચિંતાનો વિષય છે. દેશમાં ૭૨૮ થી વધુ વૃદ્ધાશ્રમો આવેલા છે જેમાં કેરળમાં સૌથી વધુ વૃદ્ધાશ્રમો હોવાનો અંદાજ છે, આજે શિક્ષક ગણાતા એવા કેરળમાં ૧૮૨ વૃધ્ધાશ્રમો છે. અન્ય રાજ્યોની વાત કરીએ તો પશ્ચિમ બંગાળમાં ૧૬૪, તામિલનાડુમાં ૧૫૧, મહારાષ્ટ્રમાં ૧૩૩, આંધ્ર પ્રદેશમાં ૧૧૪, કર્ણાટકમાં ૯૧ અને ગુજરાતમાં ૭૭ થી વધુ ઉર્જા સમૂહ આવેલા છે. ( આ આંકડા ૨૦૨૩ ના છે ) છેલ્લા એક વર્ષમાં એટલે કે ૨૦૨૪ માં આ વૃદ્ધાશ્રમો ની સંખ્યામાં ૧૭ ઘણો વધારો થયો હોવાનો અંદાજ છે. તાજેતરમાં થયેલા સર્વે અનુસાર માત્ર અમદાવાદમાં જ ૫૦થી વધુ વૃદ્ધાશ્રમો આવેલા છે. જ્યારે ગુજરાતમાં ૨૦૦ થી ૩૫ હોવાનો અંદાજ છે.




વૃદ્ધાશ્રમો વધવા પાછળ પણ અનેક કારણો છે જેમાં આજની યુવા પેઢી પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવમાં પોતાના માતા પિતાનું સન્માન જાળવવાનું ભૂલી ગઈ છે એક જમાનો એવો હતો કે આપણે ત્યાં કોઈ મહેમાન આવતા અને આપણાથી મોટા હોય તો આપણે એમને પગે લાગતા હતા. પરંતુ આજે આ સંસ્કાર ભુલાઈ ગયા છે. પરંતુ કેટલાક ઘરોમાં આજે પણ પગે લાગવાનો રિવાજ છે. હવે આ ઘરોમાં વડીલોનું સન્માન જળવાઈ રહ્યું છે. ગામડામાંથી શહેર તરફ નોકરી ધંધા માટે યુવાનો વળ્યા હોવાથી, તેમજ વિદેશમાં પણ ભણવા તેમજ નોકરી ધંધા માટે યુવા વર્ગ જતો હોવાથી મોટાભાગે માતા-પિતા એકલવાયું જીવન જીવતા હોય છે. તો વળી કેટલાક ઘરોમાં આર્થિક સકડામણના કારણે રોજિંદા ઝઘડા ઉત્પન્ન થતા હોવાથી કોઈ કોઈ જગ્યાએ દીકરો બહુ સારી રીતે માતા પિતાને રાખતા ન હોવાથી પોતાના માતા પિતાને વૃદ્ધાશ્રમમાં છોડી આવતા હોય છે તો વળી કેટલાક કિસ્સામાં માતા-પિતા મજબૂર બનતા હોય છે અંતે વૃદ્ધાશ્રમમાં આશ્રય લેવા માટે જતા હોય છે. સંયુક્ત પરિવારો હવે કોઈને કોઈ કારણસર વિભક્ત કુટુંબમાં ફેરવાઈ રહ્યા છે. છેલ્લા એક દાયકાથી મોંઘવારી અને આર્થિક સામાજિક શારીરિક સ્વાસ્થ્ય વચ્ચેનું સંતુલન ખોરવાતા વૃદ્ધાશ્રમો વધ્યા હોવાનું એક તારણ સમાજશાસ્ત્રીઓ લગાવી રહ્યા છે જે સમાજ માટે ખૂબ જ ચિંતા નો વિષય છે. વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા કેટલાક વડીલોને પૂછતા તેમની આંખો ભરાઈ આવી હતી અને ગળે ડૂમો પણ બાજી જતો હતો તો કેટલાકના ચહેરાના આવ ભાવ બદલાઈ જતા હતા અહીં આશ્રય લઈ રહેલા કેટલાક વડીલોના દીકરા સરકારી સારી પોસ્ટ ઉપર તો કેટલાક માતા-પિતાના દીકરાઓ સારા બિઝનેસમેન પણ છે. માતા પિતાને સંભાળ નહીં શકવાના કારણે વડીલો વૃદ્ધાશ્રમ માં આશ્રય લઈ રહ્યા છે. આ સમાજ માટે ઘણી જ શરમ જનક ઘટના કહેવાય!

વૃદ્ધાશ્રમમાં રહેતા એક માજીની આ વાત છે તમેં શા માટે અહીં આવ્યા એવું તેમને પૂછવામાં આવ્યું ત્યારે માજી એ કહ્યું કે, ગુસ્સામાંથી મુક્તિ મેળવવા માટે,. તેમણે કહ્યું મારો દીકરો મગજનો ફાટેલ છે બાકી હતું તે એને વહુ પણ એનો માથે ભાંગે એવી મળી. વાત વાતમાં ધડાધડી બોલી જાય, રોજની માથાકૂટ મને કોઈએ ઘરમાંથી કાઢી નથી મૂકી. હું તો મારી જાતે અહીં આવી ગઈ છું. એક દિવસ તેમને બંનેને બેસાડી કહ્યું કે તમારા બંનેના ઝઘડામાંથી હું તંગ આવી ગઈ છું. તમારી જિંદગી છે તમારે જેમ રહેવું હોય એમ રહો. હું તો ઉર્જા સમ માં જાવ છું ઘર કરતાં અહીં શાંતિ છે. ઘર કરતા બહાર શાંતિ લાગવા માંડે ને ત્યારે માણસે વિચાર કરવો જોઈએ કે આવું કેમ થાય છે. વાંક આપણો હોય એ જરૂરી નથી, આપણા લોકો પણ ક્યારેક એવા હોય છે કે એક હતી વાતાવરણ બગડે ત્યારે માણસે શાંતિ આપે એવો રસ્તો શોધી લેવાનો હોય છે.

ગુસ્સો અને નારાજગીમાં ઘણો તફાવત છે દરેક નારાજગીમાં ગુસ્સો હોતો નથી પણ અમુક જ નારાજગીમાં વેદના અને હોય છે, ક્યારેક થોડી ચિંતા પણ હોય છે. ગુસ્સો એ નારાજગીનું વિકૃત સ્વરૂપ હોય છે નારાજગીનું કારણ બીજી વ્યક્તિ હોય છે ગુસ્સા નું કારણ માણસ પોતે જ હોય છે. ગુસ્સો ના આવવો એ સહજ હોવું જોઈએ. વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો ગુસ્સાના જીવતા જાગતા પ્રતીક હોય છે.

# એકવીસમી સદીના વિકાસની આડ અસર તરીકે, દરેક માનવીમાંથી હવે માનવતા ઘટતી જાય છે

**ઈમારતને લાખ રંગરોગાન કરીએ તો પણ ધરતીકંપ આવે ત્યારે પાયો નબળો હોય તો એ પડી જાય, અતિવૃષ્ટિમાં પણ ખતરો રહે, વાવાઝોડું આવે તો પણ ધરાશયી થઈ જવાની શક્યતા રહે!**

ભારતીય હિન્દુ સંસ્કૃતિ ઘણી રીતે ખૂબ જ ઊંચી કક્ષા ધરાવે છે, અને એ સૌ કોઈ માને કે ન માને પણ એક સત્ય હકીકત છે. ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો કોઈ અમૂલ્ય વારસો હોય તો એ એની પાસેના એના સદ ગ્રંથો છે. વેદ ઉપનિષદ થી શરૂ કરીને મહાભારત સુધીના તમામ ગ્રંથો ખૂબ જ મૂલ્યવાન છે, દરેકને જો જીવન ચરિત્ર બનાવવું હોય તો, કોઈને કોઈ ગ્રંથનો સહારો લઈને તે એ કાર્ય સંપન્ન કરી શકે, એટલું સક્ષમ અને સુદ્રઢ પણ છે. ચારે વેદોની સંસ્કૃતિનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે,પણ મૂળ વાત એ છે કે વેદ કે વૈદિક શાસ્ત્ર સુધી દરેક વ્યક્તિ પહોંચી શકતા નથી, કારણ કે એ આપણી બોલચાલની ભાષા નથી. તો આપણને પ્રશ્ન થાય કે તો પછી આપણે એનો હાર્દ કઈ રીતે પામી શકીએ? વિશ્વના તમામ ધર્મનો સંદેશ છે! કે માનવ તરીકે જન્મ્યો છે તો માનવ બનીને રહે! પણ આપણે તેના બિલગ બિલગ અર્થ કરીને માનવતાનાં ધર્મની મુખ્ય વિભાવના હતી, એને જ બગાડી નાખી. આજ ચરિત્રની ઓળખમાં તુલસીદાસજી જેને અવતાર કહ્યો છે એ માનવ અવતાર વિશે વાત કરીશું.

માનવ એટલે શું? અને માનવ બની રહેવું? આ બંને વચ્ચે શું ભેદ છે? શરીર રચનાની દ્રષ્ટિએ આપણે બે હાથ છે, બે પગ છે, બે કાન છે, બે આંખ છે,એક નાક છે! એમ કુલ દસ કર્મેન્દ્રિય અને એક અદ્રશ્ય મન લઈને માનવ જન્મ થાય છે. એ જ રીતે આજે પણ જન્મીએ છીએ, અને એ જ રીતે આજે પણ મરીએ છીએ, તો આમાં માનવ હોવું એને જુદું કેમ કહેશું!; શરીરની દ્રષ્ટિએ આપણે માનવ છીએ, પણ ક્યાંક હિંસક પશુતા પ્રવેશી ગઈ છે, તો ક્યાંક દયા છૂટતા દાનવ પણું પ્રવેશી ગયું છે. વૃત્તિ ઓ ભડકીલી બની છે, અને સૌ કોઈ પોતાની વિદ્યાના સોદા કરતાં હોય એવું વાતાવરણ આપણે ઉભું કર્યું. વિદ્યાનો અર્થ અહીં આપણે આવડત કરીશું. એટલે કે જે કંઈ પોતાની આવડત હોય



એનાથી આપણે કેમ કોઈને છેતરી લેવાં, કેમ કોઈ પાસેથી પડાવી લેવું, કમાઈ લેવું, બસ એવી બધી વૃત્તિઓ પ્રભાવક બની ગઈ છે, અને એને કારણે માનવતા વિસરાઈ ગઈ છે.

ઈમારતને લાખ રંગરોગાન કરીએ તો પણ ધરતીકંપ આવે ત્યારે પાયો નબળો હોય તો એ પડી જાય, અતિવૃષ્ટિમાં પણ ખતરો રહે, વાવાઝોડું આવે તો પણ ધરાશયી થઈ જવાની શક્યતા રહે! એમ આપણે દિવાળીના તહેવારો માં આપણી આ દેહની ઈમારતને બહારથી લાખ રંગરો ગાન કર્યા એટલે કે એને સુંદર દેખાડવા માટેના પ્રયત્નો કર્યા, પણ જ્યાં સુધી અંતરમાં વિકાર હશે! ત્યાં સુધી એને આવા અકસ્માતનો ભોગ બનવાની પૂરેપૂરી સંભાવના છે.

રામાયણનો એક પ્રસંગ છે, શૂર્પણખાનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ ગોદાવરી તટ પરનો છે. બાપુની વાણીએ તો સ્વયં સરસ્વતી બિરાજે છે, એટલે એનો મહિમા તો અપરંપાર છે. પરંતુ શૂર્પણખા જ્યારે પંચવટીમાં પ્રવેશે છે, અને રામ લક્ષ્મણને જુએ છે, એની પર મોહિત થઈ જાય છે, અને એને ખ્યાલ આવે છે કે, મારા રાક્ષસી સ્વરૂપને તો આ લોકો કેમેય પસંદ ન કરે! એટલે એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરે છે. પ્રભુની લીલા અપરંપાર છે, અને એ જાણી જાય છે કે, આ તો રાક્ષસી છે. પણ પોતાના અસલી સ્વરૂપ માં આવે પછી જ તેના નાક કાન કાંપવા એવું વિચાર્યું હશે. એ માટે થઈને બંને ભાઈઓ ઘડીકમાં એ તારે લાયક છે, ઘડીકમાં સ્વામી તારે લાયક છે, એમ કરી શૂર્પણખાને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં એમ મોકલે છે. અને શૂર્પણખા પોતાના અસલી દેખાવ સાથે પ્રગટ થાય છે! આ પ્રસંગનો આપણે શું અર્થ કાઢીશું!

પહેલો અર્થ તો રૂપને મઠારી શકાય બદલી ન શકાય! કારણ કે એ પ્રભુએ આપેલી આપણી પહેલી ઓળખ છે, અને એણે સમજી વિચારીને જ આપણને જે કોઈ લિંગ કે રૂપ સાથે આપણને જન્મ આપ્યો એની માટેનું કંઈ ને કંઈ કારણ રહ્યું હશે. બીજું ગમે ત્યારે આપણા રૂપની સચ્ચાઈ ચતી થઈ જ જાય છે, એટલે કે જેવા હોઈએ તેવાં કાળા, નીચાં પાતળાં જાડાં અન્ય કોઈ રીતે ત્રુટિ હોય એ રીતે સમાજ સામે આપણે આવી જતા હોઈએ છીએ! અને જો આવી જ જવાના હોઈએ તો પછી એની પ્રત્યે એટલું મમત શું કામ?



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ઘરગથ્થુ ઉપચારથી મેકઅપને દૂર કરવાની આ રહી સરળ ટિપ્સ

નવરાત્રિ તો પૂરી થઈ ગઈ છે અને સારાં-સારાં કપડાં પહેરીને મેકઅપ કરીને તમે ગરબા રમવા ગયા હશો, ક્યારેક આળસ તો ક્યારેક થાક અને ક્યારેક ઉતાવળને કારણે ચહેરા પરથી મેકઅપ દૂર નથી કરી શકતા. શું તમને ખબર છે કે મેકઅપથી સ્કિનને નુકસાન થાય છે. તો થોડા સમયમાં જ દિવાળી આવશે, બાદમાં લગ્નની સીઝન શરૂ થવા જઈ રહી છે અને શિયાળો પણ શરૂ થશે. ત્યારે આજે કામના સમાચારમાં અમે તમને જણાવીશું કે સ્કિનનું ધ્યાન કેવી રીતે રાખવું, જેનાથી મેકઅપ કરવાથી નુકસાન ન થાય.

આજનાં અમારાં એક્સપર્ટ છે ડો. નીલમ ગુલાટી, કોસ્મેટોલોજી એચઓડી, ઉજાલા સાઈગનમ રેન્બો હોસ્પિટલ, આગરા અને બ્યૂટી એક્સપર્ટ શહનાઝ હુસૈન

ગ્રાફિક્સથી સમજીએ કે મેકઅપ કરવાથી તમારી સ્કિનને શું નુકસાન થાય છે...

સવાલ : જ્યારે પણ હું મેકઅપ કરું છું ત્યારે મને એલર્જી થાય છે, આ પાછળનું કારણ શું હોઈ શકે?

જવાબ : દરરોજ મેકઅપ કરવાથી પેરાબેન્સ જેવા હાનિકારક કેમિકલ ત્વચામાં પ્રવેશ કરે છે. જો મેકઅપ લાંબા સમય સુધી ત્વચા પર રહે છે, તો એનાથી એલર્જી થઈ શકે છે. સ્કિન પ્રમાણે મેકઅપ ન હોય તોપણ સ્કિનનો પીએચ ડિસ્ટર્બ થાય છે. જો તમારી ત્વચા શુષ્ક હોય તો પાઉડર ફોર્મમાં ફાઉન્ડેશન લગાવવાથી પણ ફોલ્લીઓ અને ખંજવાળ આવે છે.



સવાલ : કોણે બિલકુલ મેકઅપ ન કરવો જોઈએ?

જવાબ : અમેરિકન એકેડમી ઓફ ડર્મેટોલોજી એસોસિયેશનના જણાવ્યા અનુસાર, જે લોકોને ખીલની સમસ્યા છે તે લોકોએ ઓછામાં ઓછા મેકઅપનો ઉપયોગ કરવો જોઈએ.

આ સિવાય જે લોકોને સૂર્યપ્રકાશની એલર્જી હોય તેમણે પણ ઓછો મેકઅપ કરવો જોઈએ. જો ત્વચા પર ફોલ્લીઓ, ખરજવું અથવા કોઈપણ પ્રકારની સર્જરી કરવામાં આવી હોય તો ડૉક્ટરની સલાહ બાદ જ ક્રીમ લગાવવું જોઈએ.

સવાલ : જો મેકઅપ કરવામાં ન આવે તો સ્કિન કેવી રીતે ગ્લો કરશે?

જવાબ : સ્કિન મેકઅપથી નહીં, પરંતુ તમારા યોગ્ય ડાયટને કારણે ચમકે છે, આ સાથે જ પોઝિટિવ વિચારથી પણ સ્કિન ગ્લો થાય છે. તેમ છતાં અમે તમને કેટલાક ઘરેલું ઉપચાર જણાવી રહ્યા છીએ, જેને અજમાવીને તમે ત્વચા પર ચમક લાવી શકો છો.

No Makeup Look પણ ટ્રેંડમાં છે

આજકાલ No Makeup Look ખૂબ જ ટ્રેન્ડમાં છે, તેથી ઘરગથ્થુ ઉપાયથી સ્કિન હેલ્ધી રહેશે. રોજેરોજ મેકઅપ કરો છો તો મિનિમમ મેકઅપ કરી શકાય છે.

No Makeup Look માટે આ રહી ટિપ્સ

ત્વચાને તૈયાર કર્યા પછી તમારા પિગમેન્ટવાળા વિસ્તારમાં હળવા કન્સિલર લગાવો. તમારી મનપસંદ લિપસ્ટિક લગાવો.ન્યૂડ આઈ મેકઅપ પણ કરી શકાય છે.જો કોઈ એલર્જી અથવા રિએક્શન હોય તો તરત જ હટાવી લો.

સવાલ : ત્વચાને બરાબર રાખવા માટે ડાયટ જરૂરી છે?

જવાબ : સ્કિન આપણા શરીરનું સૌથી મોટું ઓર્ગન છે. એને સ્વસ્થ રાખવા માટે મેકઅપથી વધારે ડાયટ અને ન્યૂટ્રિશનની જરૂર હોય છે.

સફરજન, આમળાં, અખરોટ અને મોસંબી જેવા વિટામિન A અને વિટામિન Cથી ભરપૂર ડાયટને અપનાવો.જમ્યા પછી દહીં ખાઓ. વધુમાં વધુ પ્રોટીનનું સેવન કરો. જો તમારી ત્વચા તૈલી હોય તો ફાસ્ટ ફૂડ ઓછું ખાઓ.

જો તમને ત્વચા પર વારંવાર ફોલ્લીઓ થતી હોય તો ઠંડા પીણાં ન પીવાં જોઈએ.

# પહેલીવાર ફારસી કવિતામાં ઉલ્લેખ થયો, 2 હજાર વર્ષ પહેલાં સમોસા અફઘાનિસ્તાનના રસ્તેથી ભારત આવ્યાં

આજે મહેફિલ કંઈક એ રીતે જમાવીએ કે, તમે ચાની વ્યવસ્થા કરો, અમે સમોસા લઈ આવીએ છીએ.

દરેક નાની-મોટી મહેફિલમાં જીવ ફૂંકે છે સમોસા. ઘરે મહેમાન આવે તો બજારમાંથી સૌથી પહેલા સમોસાં મગાવવામાં આવે છે. સાંજે ચાના ઘૂંટડા સાથે લીલી અને લાલ ચટણીવાળા સમોસાંને યાદ કરીને મોઢામાં પાણી આવવા લાગે છે. બોલિવૂડ ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ ખિલાડી'માં અક્ષય કુમારે જુહી ચાવલાને તો ત્યાં સુધી કહી દીધું હતું કે, 'જબ તક રહેગા સમોસે મે આલૂ, તબ તક રહૂંગા મેં તેરા શાલૂ.'

તાજેતરમાં સમોસાં ફરી ચર્ચાનો વિષય બન્યો છે

રાહુલ ગાંધી હાલ 'ભારત જોડો યાત્રા' પર નીકળી ચૂક્યા છે. 150 દિવસ સુધી ચાલેલી આ યાત્રા અંતર્ગત રાહુલ ગાંધીએ 19 દિવસ સુધી કેરળના ખૂણે-ખૂણાની મુલાકાત લીધી હતી. હવે તે કર્ણાટક પહોંચી ગયો છે, પરંતુ કેરળમાં પાર્ટીના નેતાઓ સાથેનો તેમનો 'સમોસાંવાળી ગપશપ'નો વીડિયો વાઈરલ થયો છે.

આ વીડિયોમાં રાહુલ ગાંધી 'હાફ વેજ અને હાફ નોનવેજ સમોસા' વિશે એક કિસ્સો સંભળાવી રહ્યા છે. રાહુલે કહ્યું કે, 'તેણે પહેલી વાર 'હાફ વેજ અને હાફ નોન-વેજ' ફૂડ આઈટમનો ઉલ્લેખ સાંભળ્યો હતો પરંતુ, સમોસાં ખરેખર તો ઈરાનથી ભારત આવેલા 'નોનવેજ જાતિ'ની ખાદ્ય સામગ્રી છે અને અહીં પહોંચ્યા બાદ હલવાઈઓના કેટલાક જુગાડે એને વેજ બનાવ્યાં.

સૌથી પહેલા સમોસાંનો ઉલ્લેખ 'ફારસી કવિતા'માં કરવામાં આવ્યો હતો

સમોસાનો જન્મ મધ્ય એશિયામાં થયો એવું માનવામાં આવે છે. 9મી સદીમાં પર્શિયન કવિ અને સંગીતકાર 'ઈશાક અલ-માવસિલી'ની કવિતામાં સૌથી પહેલા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેણે સમોસા એટલે કે 'સનબુસજ'ની પ્રશંસા કરી હતી. આ કવિતા મુજબ ઈરાનમાં સ્થાયી થયેલા તુર્કીના ગઝનાવીદ વંશના સામ્રાજ્યમાં



તેને વધુ પડતું ખાવામાં આવ્યું હતું. 10મી-13મી સદીમાં અરબી ભાષામાં લખાયેલા એક કુકરી બુકમાં તેને બનાવવાની રેસિપી મળી આવી હતી.

સમોસાં માટે તેમાં સનબુસક (sanbusak), સનબુસાક (sanbusaq) અને સનબુસજ (sanbusaj) શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ફારસી શબ્દ 'સનબોસાગ' (sanbosag) પરથી ઉતરી આવ્યો હતો. 16મી સદી સુધીમાં, સમોસા ઈરાનમાં વધુને વધુ પ્રખ્યાત થયું, પરંતુ તેની ખ્યાતિ તેના કેટલાક પ્રાંતો સુધી મર્યાદિત હતી. આ વાતનો ઉલ્લેખ ઈરાનના ઈતિહાસકાર અબુલફઝલ બેયહાકી (995-1077) એ તેમના પુસ્તક 'તારીખ-એ-બેહાધી' (Tarikh-e Beyhaghi)માં કર્યો હતો. આગળ વધતાં પહેલાં, ચાલો આપણે ફૂડ ડિલિવરી કંપની 'સ્વિગી' ના સર્વે રિપોર્ટ પર એક નજર કરીએ. આ રિપોર્ટ માત્ર એક કંપનીનો છે.

# જ્વેલરીના વિવિધ ટ્રેન્ડ, જે તમારા તહેવારના લૂકને આકર્ષક બનાવશે

## ભવ્ય શાહી સ્પર્શ સાથે નવી અને જૂની કળાનો સમન્વય આ સિઝનમાં તહેવારના ટ્રેન્ડમાં છવાઈ જશે

તહેવારોની સિઝન નજીકમાં છે અને ચોતરફ તહેવારોનો ઉત્સાહ જોવા મળે છે. ભારત ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસાની સમૃદ્ધિ ભૂમિ છે, જ્યાં જ્વેલરી હંમેશા સુશોભનનું પ્રતીક રહી છે, જે તહેવારોની સિઝન માટે આભૂષણોના શાહી વૈભવમાં વધારો કરે છે. ભારતીય કળાના સ્વરૂપોને સમર્પિત જ્વેલરીના આ પીસો સાથે તમારા તહેવારોના લૂકની આકર્ષકતા વધારો. દરેક પીસ કલાકારની કલ્પનાનાં સુંદર કેન્વાસ પર એક સ્ટોરી બયાન કરે છે. આ દિવાળીએ શ્રેષ્ઠ સ્ટાઈલો અને જ્વેલરીના પીસો પસંદ કરો, જે ઈન્સ્ટાગ્રામ પર સુંદર ફોટોગ્રાફ માટે પરફેક્ટ છે.


અહીં તનિષ્ક દ્વારા કેટલાંક આકર્ષક વિવિધતાસભર જ્વેલરી ટ્રેન્ડ રજૂ કરવામાં આવ્યાં છે, જે તહેવારની આ સિઝન માટે તમારી એથનિક સ્ટાઈલમાં વધારો કરી શકે છે.

1. આધુનિક હેરલૂમ- શાહી દેખાવ ઈચ્છતાં લોકો માટે આધુનિક હેરલૂમ પીસો તહેવારના વસ્ત્રોને શાહી અને જાજરમાન વાઈબ આપે છે. દીપ અને ચમકની આ સિઝનમાં તમારી જ્વેલરીને લોકોના આકર્ષણનું કેન્દ્ર બનવા દો. ચમકદાર પોલ્કી સાથે સદાબહાર ડિઝાઈનો આ પીસોને રહસ્યમય ચમક આપે છે, જે આ દિવાળી પર તમારી સ્ટાઈલ અપીલને વધારશે એ નક્કી છે. પરંપરાગત વસ્ત્રો કે ટ્રેન્ડી ઈન્ડો-વેસ્ટર્ન વસ્ત્રો સાથે આ સુંદર હેરલૂમ નેકપીસ સ્વર્ગમાં બનેલી જોડી માટે છે.

2. અતિ આકર્ષક; પેસ્ટલ કલર્સ - રંગો આપણી ભાવના કે લાગણીને સંપૂર્ણપણે બદલી નાંખે છે અને પેસ્ટલ કલર્સ જ્વેલરીના ટ્રેન્ડ્સમાં નોંધપાત્ર રીતે ફરી જોવા મળે છે. અમે એને આનંદદાયક જ્વેલરીઓનો ઉદય કહીએ છીએ. બ્લશ પિન્ક (લાલાશ પડતો ગુલાબી), ક્રીમ, મિન્ટી ગ્રીન અને કેન્ડી કલર્સ આ સિઝનમાં ટ્રેન્ડ બન્યાં છે. પેસ્ટલ કલર ધરાવતી જ્વેલરી તેને ધારણ કરનાર તમામને સકારાત્મક વાઈબ આપશે એ નક્કી છે. નવી પેલેટમાં આ સુંદર જ્વેલરી પીસો તહેવારોની જાદુઈ અસર પ્રેરિત કરે છે. આ વિવિધતાસભર છે અને બ્રન્ચ પાર્ટીઓ કે ઈવનિંગ સંમેલન માટે સ્ટાઈલિશ બની શકશો.

3. આકર્ષક મીનાકારી - તહેવાર પર તમારા વાઈબ્રન્ટ વસ્ત્રને અનુકૂળ ચટાકેદાર કલર માટે મીનાકારી ધરાવતા આ નેકપીસ આધુનિક આકર્ષકતાની છાંટ સાથે શાહી દેખાવ તરીકે સંપૂર્ણપણે હિટ છે. મીનાકારીએ લાંબી અને રસપ્રદ સફર ખેડી છે તથા જ્વેલરીના સદાબહાર ટ્રેન્ડ તરીકે અહીં જળવાઈ રહેશે એ નક્કી છે. બ્લૂ અને પિંક (વાદળી અને ગુલાબી) કલરનો કોન્ટ્રાસ્ટ ફૂલોની ડિઝાઈનની જીવતંત જાળવે છે અને ગ્લાસ, પેઈન્ટિંગ તથા ચટાઈ જેવી મીનાકારીના ટેકનિકોનો બારીક સમન્વય ટ્રેન્ડી છતાં ક્લાસિક ટચ આપે છે, જે એને તહેવારની સિઝનમાં કોઈ પણ પ્રસંગે પહેરવા માટે આદર્શ જ્વેલરી પીસ બનાવે છે.

4. ફેશનમાં મોતીઓનું પુનરામગન - મોતીઓનું ફેશનમાં પુનરાગમન થયું છે અને તેમની ચમકનો સમય પરત ફર્યો છે. પર્લ પિરોઈ શાહી આકર્ષકતાની પોતાની આગવી જૂની દુનિયા ધરાવે છે તથા રંગીન રત્નો અને મીનાકારીની આધુનિકતા સાથે આ આધુનિક સિલહૂટ તમને વિવિધ રીતે અને સ્ટાઈલમાં ધારણ કરવાની સુવિધા આપે છે. મોતીઓ હંમેશા સદાબહાર છે અને કોઈ પણ મહિલાને જાજરમાન બનાવવા આદર્શ છે.



5. ફ્લાવર મોટિફ -ચોમાસુ પૂર્ણ થવાની નજીક હોવાથી અને શિયાળો નજીક હોવાથી તહેવારોની સિઝન ફૂલોની પેટર્ન્સની સુંદરતા માણવાનો અને પાનખર (શરદ) ઋતુને એની સંપૂર્ણ કળા સાથે આવકારવાનો આદર્શ સમય છે. પ્રકૃતિની સુંદરતા ફૂલોથી જીવંત થઈ જાય છે તથા તમે પસંદ કરેલા કોઈ પણ પ્રકારના વસ્ત્રો પર સ્ટાઈલ અને આકર્ષકતાના સ્તરોમાં વધારો કરશે. બ્લૂ અને પિન્ક (વાદળી અને ગુલાબી) રંગોનો કોન્ટ્રાસ્ટ ફૂલોની ડિઝાઈનોની જીવંતતા જાળવે છે, જેમ કે શાંત તળાવમાં ખીલેલું કમળ. ઉપરાંત ફૂલોની છાપ વિવિધતાસભર છે અને ભારતીય વસ્ત્રો તેમજ આધુનિક વસ્ત્રો સાથે શોભી ઉઠશે એ સુનિશ્ચિત છે.




## વિક્રાંતે અગાઉ 'સેક્ટર ૩૬'માં મનોવિકૃત કિલરનો રોલ કર્યો હતો

# 'ડોન ૩'માં રણવીરનો મુકાબલો કરવા વિક્રાંત મેસ્સીને ઓફર



શાહરૂખ ખાનના વારસદાર તરીકે 'ડોન ૩'માં રણવીર સિંહની પસંદગી થયેલી છે. ડાયરેક્ટર ફરહાન અખ્તર અને રણવીર સિંહ લાંબા સમયથી આ ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે. 'ડોન ૩'માં જૂની કાસ્ટને રીપિટ કરવાના બદલે નવી પેઢીને તક આપ વાના પ્રયાસ થઈ રહ્યા છે. રણવીરના ઓનસ્ક્રિન મુકાબલા માટે વિલન તરીકે અનેક નામો પર વિચારણા બાદ વિક્રાંત મેસ્સીની પસંદગી થયેલી છે. વિક્રાંતને આ રોલ ઓફર થયો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ વિક્રાંતે હજુ આ ફિલ્મ સાઈન કરી નથી. વિક્રાંત મેસ્સીની કરિયરમાં અત્યાર સુધીની ઉત્તમ ફિલ્મ તરીકે '૧૨વીં ફેલ'ની ગણતરી થાય છે. આ ફિલ્મની સફળતા બાદ વિક્રાંતને ઢગલાબંધ ઓફર મળી રહી છે.

વિક્રાંતની ટેલેન્ટનો પરચો જોયા પછી તેને 'ડોન ૩'માં મુખ્ય વિલનનો રોલ ઓફર થયો હોવાનું ચર્ચાય છે. વિક્રાંત અને ફરહાન અખ્તર તરફથી આ અંગે કોઈ ખુલાસો થયો નથી, પરંતુ વિલન તરીકે વિક્રાંતે પોતાના કાબેલિયત પુરવાર કરેલી છે. અગાઉ 'સેક્ટર ૩૬'માં વિક્રાંતે મનોવિકૃત કિલરનો રોલ કર્યો હતો. ઓડિયન્સ અને ક્રિટિક્સને વિક્રાંતનો રોલ પસંદ આવ્યો હતો, પરંતુ તે સમયે વિક્રાંતની ખાસ ચર્ચા થઈ ન હતી. વિક્રાંતની આગામી ફિલ્મ સાબરમતી રિપોર્ટ આવી રહી છે. જેમાં તેની સાથે રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ મહત્ત્વના રોલમાં છે. વિક્રાંતની આ ફિલ્મની રિલીઝ સાથે જ વિવાદો શરૂ થવાની સંભાવના છે અને આ ફિલ્મના કારણે પોતાને ધમકીઓ મળતી હોવાનું પણ વિક્રાંતે સ્વીકારેલું છે. વિક્રાંતની આ ફિલ્મની સફળતા માટે રાહ જોયા વગર ફરહાને તેને 'ડોન ૩'માં વિલન બનવા ઓફર આપી છે. વિક્રાંત પોતે આ ઓફરથી ખૂબ ખુશ હોવાનું મનાય છે.

# રશ્મિકા પણ અક્ષયના રસ્તે, બેક ટુ બેક ફિલ્મો રિલીઝ થશે

## રશ્મિકા મંદાનાની ૧૦ મહિનામાં ૬ ફિલ્મો રિલીઝ થશે



રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે અને તેની પાસે ઈન્ડસ્ટ્રીને અપેક્ષાઓ પણ ઘણી છે. આ અપેક્ષાઓ પર ખરી ઉતરીને રશ્મિકા ટૂંક સમયમાં જ એક સ્ટાર તરીકે જાણીતી થઈ ગઈ છે. તે ટૂંકા સમયમાં અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજ સાથે કામ કરી ચૂકી છે. છેલ્લે તે રણબીર કપુર સાથે એનિમલમાં જોવા મળી હતી. છેલ્લાં ઘણાં સમયથી રશ્મિકા બૅક ટુ બૅક ફિલ્મ શૂટ કરી રહી છે. દરેકમાં તે વૈવિધ્યપૂર્ણ રોલ કરી રહી છે. આ ફિલ્મ્સના શૂટ બાદ હવે રશ્મિકાની છ ફિલ્મ એક પછી એક રિલીઝ થવા જઈ રહી છે. આ બધી ફિલ્મ ૧૦ મહિનાના સમયગાળામાં જ રિલીઝ થશે. આ રિલીઝની શરૂઆત 'પુષ્પા ૨'થી થશે, જેમાં ફરી એક વખત રશ્મિકા શ્રીવલ્લીના રોલમાં જોવા મળશે. આ વખતનો રોલ પ હેલી ફિલ્મ કરતાં વધુ મહત્વનો હશે. એવું માનવામાં આવે છે કે ફિલ્મના ડિરેક્ટર સુકુમારે આ વખતે શ્રીવલ્લીના પાત્રને વધુ મોટું કર્યું છે. ત્યાર બાદ તેની મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી પરની ફિલ્મ 'છાવા' રિલીઝ થશે, જેમાં રશ્મિકા વિકી કૌશલ સાથે યેસુબાઈ ભોંસલેના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત રશ્મિકા ડિરેક્ટર રાહુલ રવિન્દ્રનની ફિલ્મ 'ધ ગર્લ ફ્રેન્ડ'માં મુખ્ય રોલમાં જોવા મળશે. જે ઉનાળામાં રિલીઝ થવાની શક્યતા છે. રશ્મિકા સલમાન ખાનની 'સિકંદર'માં પણ લીડ રોલમાં જોવા મળશે. એ.આર.મુરગાદોસની આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે પ હેલી વખત જોવા મળશે.

# ખુશી કપૂરે વેદાંગ રૈના સાથે સંબંધોની અફવા અંગે ખુલાસો કર્યો

## ખુશી અને વેદાંગે 'ધ આર્ચીઝ'માં સાથે કામ કર્યુ હતું : ખુશી અને વેદાંગ ડેટ કરતા હોવાની અફવાઓ તેઓ 'ધ આર્ચિઝ'માં કામ કરતા હતા ત્યારથી ચાલે છે



ખુશી કપૂર અને વેદાંગ રૈના ડેટ કરતા હોવાની અફવાઓ ઘણા લાંબા સમયથી ચાલે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ખુશીને પૂછાયું હતું કે તે એક એક્ટર તરીકે પોતાની ડેટિંગ અંગેની અફવાઓનો સામનો કઈ રીતે કરે છે. આ પ્રશ્નના જવાબમાં ખુશીએ કહ્યું,"મારા માટે આ બધું ચોક્કસ નવું છે અને આ અંગે મેં પહેલાં ક્યારેય ખાસ વિચાર્યું પણ નથી. એટલે હું ઈચ્છીશ કે હું મારા કામ પર જ વધાપે ધ્યાન આપું.

હું સમજું છું કે તમે જ્યારે જાહેરમાં લોકોના ધ્યાનમાં હોય ત્યારે તમારા વિશે કેટલીક ઉત્સુકતા હોય છે, પરંતુ મને લાગે છે કે તમે તમારા અંગત જીવનને અંગત જ રાખો અને કામને જ પ્રાથમિકતા આપો એ શ્રેષ્ઠ ઉપાય છે.

''જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે જરૂર પડે ત્યારે પરિવારમાં કોની સલાહ લેવા જાય છે, ત્યારે ખુશીએ કહ્યું, "હું જ્હાન્વી પાસે, ડેડી કે અર્જુન ભાઈ પાસે જતી હોઉં છું. ચહેરા પરના સ્મિત અને ત્યારે વેદાંગ તેને જે રીતે જુએ છે, તે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ખુશીને પ ૂછાયું હતું કે તે એક એક્ટર તરીકે પોતાની ડેટિંગ અંગેની અફવાઓનો સામનો કઈ રીતે કરે છે. આ પ્રશ્નના જવાબમાં ખુશીએ કહ્યું,"મારા માટે આ બધું ચોક્કસ નવું છે અને આ અંગે મેં પહેલાં ક્યારેય ખાસ વિચાર્યું પણ નથી. એટલે હું ઈચ્છીશ કે હું મારા કામ પર જ વધાપે ધ્યાન આપું.

# અક્ષય કુમારે 'હેરા ફેરી ૩' પર આપ્યું મોટું અપડેટ

અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ તાજેતરમાં મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. જે પછી લોકો 'હેરા ફેરી ૩' વિશે ચર્ચા કરવા લાગ્યા. હવે તાજેતરમાં જ ખિલાડી કુમારે આ ફિલ્મના ત્રીજા ભાગને લઈને પોતાનું મૌન તોડ્યું છે. અભિનેતાએ જણાવ્યું કે ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશે.અક્ષય કુમાર તાજેતરમાં એક ઈવેન્ટમાં સામેલ થયો હતો. આ દરમિયાન અભિનેતાને ફિલ્મ 'હેરા ફેરી ૩' વિશે પૂછવામાં આવ્યું હતું. ખિલાડી કુમારે જવાબ આપ્યો, 'અમે આ સમયે માત્ર 'વેલકમ' કરી રહ્યા છીએ. શક્ય છે કે પ્રોડ્યુસરની હેર ફેરી ટૂંક સમયમાં પૂરી થઈ જશે. પછી તેઓ ફરીથી 'હેરા ફેરી ૩' કરવાનું શરૂ કરશે. અભિનેતા મજાક કરતા હસવા લાગ્યો. આ પ છી તેણે કહ્યું- 'શક્ય છે કે અમે આવતા વર્ષે તેનું શૂટિંગ શરૂ કરી દઈએ.''હેરી ફેરી'ના બે ભાગ આવી ગયા છે. આવી સ્થિતિમાં, છેલ્લા ઘણા સમયથી ફિલ્મના ત્રીજા ભાગને લઈને સતત ચર્ચાઓ થઈ રહી છે. આ ફિલ્મના બંને ભાગ હિટ હતા. રિપોર્ટ્સનું માનીએ તો આ ફિલ્મના ત્રીજા ભાગમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટી ફરી એકવાર જોવા મળી શકે છે. જોકે, સ્ટાર્સ કે ફિલ્મ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.'હેરા ફેરી'નો પહેલો ભાગ વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયો હતો. તેમાં આ ત્રણેય સ્ટારની ત્રિપુટી હતી.

# કંતારાઃ ચેપ્ટર ૧ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરાઈ

## ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે

અભિનેતા ઋષભ શેટ્ટીની મોસ્ટ અવેટેડ ફિલ્મ કંતારાઃ ચેપ્ટર ૧ને લઈને એક મોટું અપડેટ આવ્યું છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે. કંતારા ફિલ્મની સફળતા પછી હોમ્બલ ફિલ્મ્સ હવે કંટારા ચેપ્ટર ૧ સાથે વિશ્વભરના દર્શકોને આકર્ષવાની તૈયારી કરી રહી છે.આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશેમેકર્સ દ્વારા શેર કરવામાં આવેલા પોસ્ટર પરથી જાણવા મળ્યું છે કે આ ફિલ્મ વિશ્વભરમાં ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મના લીડ સ્ટાર ઋષભ શેટ્ટીએ પાત્ર માટે ઘણી મહેનત કરી છે. કંતારાની ફિલ્મની જબરદસ્ત સ્ટોરી દુનિયાભરના લોકોને પસંદ આવી હતી.હોમ્બલ ફિલ્મ્સ તેની વાસ્તવિક ફિલ્મો માટે જાણીતી છે. આ મોટા પ્રોજેક્ટના દિગ્દર્શક અને અભિનેતા, ઋષભ શેટ્ટીએ કેરળની સૌથી જૂની માર્શલ આર્ટ્સમાંની એક કલારીપાયટ્ટુમાં તાલીમ લીધી છે, જેથી તેઓ મોટા પડદા પર પોતાની ભૂમિકાને શાનદાર રીતે નિભાવી શકે. હવે, તેની સખત મહેનતને કારણે, તે કાંટારા ચેપ્ટર ૧ માં સંપૂર્ણપણે અલગ અંદાજમાં જોવા મળશે. આ ફિલ્મની તૈયારી સાથે જોડાયેલા અપડેટ્સ દર્શકોને સતત ઉત્તેજિત કરી રહ્યા હતા. જો કે હવે ફિલ્મની રિલીઝ ડેટ સાથે દર્શકોની રાહનો અંત આવ્યો છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર, યુઝર્સ પણ ફિલ્મની રિલીઝ ડેટ પર પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. અભિનેતા ઋષભના ચાહકો માટે આગામી વર્ષની રાહ જોવી પણ મુશ્કેલ બની ગઈ છે.



# ફેશન માન્યતા અને મૂલ્યો પ્રદર્શિત કરવાનો પણ એક માર્ગ છે : ભૂમિ પેડનેકર

બો લીવૂડની વર્સેટાઈલ અભિનેત્રી ભૂમિ પેડણેકર તેની અભિનય પ્રતિભા ઉપરાંત તેની સતત વિકસતી સ્ટાઈલની જાણકારી માટે પણ પ્રસિદ્ધ છે. અભિનય માટે તેની ધગશ તો મજબૂત છે જ, પણ પ ેડણેકર હવે ફેશનના વિશ્વમાં પણ પોતાની છાપ છોડવા સક્રિય થઈ છે. આત્મવિશ્વાસભર્યા વ્યક્તિત્વ અને બેબાક પસંદગી માટે જાણીતી પેડણેકરે છેલ્લા થોડા વર્ષો દરમ્યાન તેની સ્ટાઈલમાં થયેલા પરિવર્તન અને ફેશનના ક્ષેત્ર વિશે મંતવ્યો રજૂ કર્યા છે. યુવા વયથી જ ભૂમિ ફેશનથી પ્રભાવિત હતી. સ્ક્રીન પર આકર્ષક પહેરવેશ જોઈને તે અંજાઈ જઈને માતાપિતા પાસે પણ એવા પોષાકની માગણી કરતી. તેની માતા પણ ફેશનની શોખીન હોવાથી ભૂમિને પોતાના કપડા રિસાઈકલ કરીને રચનાત્મક ફેરફાર કરવા પ્રોત્સાહિત કરતી. ફિલ્મમાં પ્રસિદ્ધિ મેળવવા અગાઉ ભૂમિ દિલ્હીના સરોજિની બજારમાંથી પોષાય તેવા સ્ટાઈલીશ પોષાક ખરીદતી.પ્રત્યેક વીકએન્ડમાં તે આવી આઈટમોમાં દરજી પાસે ફેરફાર કરાવતી અને પોતાની પસંદગી મુજબના વિશિષ્ટ આઉટફિટનું સર્જન કરતી. ભૂમિ માટે ફેશન પોષાક ઉપરાંત રચનાત્મક્તા અને સ્વ-અભિવ્યક્તિનું માધ્યમ છે અને આવી જ વિભાવના તેના ઉછેરમાં પણ વ્યક્ત થાય છે.ભૂમિના મતે ફેશન સૌંદર્યશાસ્ત્રથી એક ડગલુ આગળ સ્વ-અભિવ્યક્તિનું શક્તિશાળી સાધન પણ છે.



# નયનતારાને અભિનેતા ધનુષે મોકલી લીગલ નોટિસ

સાઉથની લેડી સુપરસ્ટાર કહેવાતી અભિનેત્રી નયનતારાને કોણ નથી જાણતું? નયનતારા ટૂંક સમયમાં તેના જીવનના અજાણ્યા પાસાને લઈને આવી રહી છે. અભિનેત્રીના જીવન પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ 'નયનથારા બિયોન્ડ ધ ફેરીટેલ' ટૂંક સમયમાં નેટફિલક્સ પર રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું ટ્રેલર થોડા દિવસ પહેલા જ રિલીઝ થયું હતું. નિર્માતાઓએ ટ્રેલરમાં તમિલ ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન'ના સંગીતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે સમસ્યા સર્જાી હતી.ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન' વર્ષ ૨૦૧૫માં રિલીઝ થઈ હતી. આમાં નયનતારાએ વિજય સેતુપતિ સાથે કામ કર્યું હતું. તેનો નિર્માતા દક્ષિણનો પ્રખ્યાત અભિનેતા ધનુષ હતો. ધનુષે નયનતારાને તેની ડોક્યુમેન્ટરી ફિલ્મના ટ્રેલરમાં 'નાનુમ રાઉડી ધાન'ના ગીત અને કેટલાક સીન્સનો ઉપયોગ કરવા બદલ લીગલ નોટિસ મોકલી છે. નયનતારાએ પોતે આ વાત દાવો કર્યો છે. અને તેણે ધનુષના નામે એક લાંબો ઓપન લેટર પણ લખ્યો છે.આ પત્રમાં નયનતારાએ જણાવ્યું કે કેવી રીતે તમામ મુશ્કેલીઓને પાર કર્યા બાદ તેણે પોતાના પાર્ટનર અને ટીમ સાથે મળીને આ ડોક્યુમેન્ટ્રી તૈયાર કરી છે. નયનતારાએ કહ્યું કે તે ઘણા સમયથી ધનુષ પાસેથી 'નાનુમ રાઉડી ધાન'ના ગીતો અને લીરીક્સનો ઉપયોગ કરવા માટે પરવાનગી માંગી રહી હતી, પરંતુ ધનુષે આ માટે ના પાડી દીધી હતી, જેનાથી અભિનેત્રીને દુઃખ થયું હતું. આગળ, નયનતારાએ જણાવ્યું કે ડોક્યુમેન્ટ્રીના ટ્રેલરમાં 'નાનુમ રાઉડી ધાન'ના ત્રણ સેકન્ડના ગીત અને વિઝ્યુઅલનો ઉપયોગ કરવા બદલ તેને ધનુષની ટીમ તરફથી લીગલ નોટિસ મળી હતી, જે તેના માટે ખૂબ જ આઘાતજનક હતું.




# સંજુબાબાઃ અપુન બોલે તો આમ જનતા કા એક્ટર!

## સંજય દત્ત પાંસઠ વરસની વયે પણ ડિમાંડમાં છે

સંજય દત્ત પાંસઠ વરસની પાકટ વયે પણ ડિમાંડમાં છે. એની ડેટ્સની ડાયરી ફૂલ છે. ચાર દશક લાંબી ઈનિંગ પછી એને ફિલ્મમેકર્સ પાસે કામ માગવા જવું નથી મડતું. દત્ત બોલીવૂડ જ નહિ, સાઉથની પણ 'કેજીએફઃ ચેપ્ટર ટુ' જેવી મોટી ફિલ્મો કરી રહ્યો છે. એનું કારણ આપતા દત્ત કહે છે, 'મને એક્ટિંગનું પેશન છે અને એક્ટરનું પેશન કદી મરતું નથી. એને લીધે જ મારો ઉત્સાહ, મારો જુસ્સો અકબંધ રહ્યો છે અને મારી કરિયરની ગાડી દોડે રાખે છે.'ચાલીસ વરસથી વધુ લાંબી કરિયરમાં સંજુબાબાએ લગભગ ૧૪૦ ફિલ્મો કરી છે અને પોતાના બહોળા અનુભવના આધારે એ કબુલે છે કે ઈન્ડસ્ટ્રીમાં બૉક્સ ઑફિસ કલેક્શન અગત્યનું છે, પરંતુ એ બૉક્સ ઑફિસના આધારે એક્ટર તરીકે પોતાનું મૂલ્યાંકન નથી ઈચ્છતો. 'એક તબક્કા બાદ તમે એ મૂલ્યાંકનના સ્ટેજને વટાવી જાવ છો. માનું છું કે બૉક્સ ઑફિસ અને ક્રિટિક્સ (સમીક્ષકો) મહત્ત્વના છે, પણ દર્શક બધાથી સર્વોપ રિ છે. પિક્ચર ચલે ના ચલે, લોગોં કો આપકા કામ પસંદ આના ચાહિયે. આજે પણ હું સારા રોલ્સની તલાશમાં રહું છું. એક એક્ટર માટે એનું પ રફોર્મન્સ બહુ ઈમ્પોર્ટન્ટ છે. આપણે જે પણ પાત્ર ભજવીએ, પ્રેક્ષકો દ્વારા એની સરાહના થવી જોઈએ. ઔર મેરે લિયે તો વો સબસે બડા રિવોર્ડ હૈ,' એમ વર્સેટાઈલ એક્ટર કહે છે.સંજયે હજુ સુધી ઓટીટી પર એન્ટ્રી નથી લીધી એ ખરેખર નવાઈની વાત કહેવાય. એનું કારણ આપતા દત્ત કહે છે, 'ઓનેસ્ટલી કહું તો મુઝે અભી તક ઓટીટી કી ઑફર્સ મિલી હી નહીં હૈ. હું આ નવા મીડિયમમાં કામ કરવા તૈયાર છું.



CMYK




+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN
FOR LOCATION

### પ્રિયંકા ગાંધીએ મહાયુતિ ગઠબંધન પર નિશાન સાધ્યું

# ગુજરાતમાં પ્રોજેક્ટ ખસેડવાથી મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ

## મહારાષ્ટ્રના ગઢચિરૌલીમાં એક સભાને સંબોધતાં પ્રિયંકાએ ભાજપની નીતિઓની ટીકા કરી હતી

। ગઢચિરોલી, તા.૧૮ ।

મહારાષ્ટ્રમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધનના નેતાઓ વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા અને સમાજમાં ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેવો આક્ષેપ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કર્યો છે. મહારાષ્ટ્રના ગઢચિરૌલીમાં એક સભાને સંબોધતાં પ્રિયંકાએ ભાજપની નીતિઓની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે કેટલાક મોટા પ્રોજેક્ટ ગુજરાતમાં ખસેડવાને કારણે મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. રાજ્યની મહાયુતિ સરકાર પર તેની મુખ્ય યોજના 'લાડકી બહિન' પર કટાક્ષ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે મહિલાઓએ વધુ સારા જીવન માટે મત આપવો જોઈએ, ના કે દર મહિને તેઓને ૧,૫૦૦ રૂપિયા મળી જાય તે માટે. કોંગ્રેસના નેતાએ એમ પણ કહ્યું હતું કે જો વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી સત્તામાં આવશે, તો તે સોયાબીનના પાક માટે ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ ટેકાનો ભાવ ૭,૦૦૦ રૂપિયા આપશે.પ્રિયંકાએ દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં ૨.૫ લાખથી વધુ જગ્યાઓ ખાલી છે. તેમણે કહ્યું હતું કે, ફોક્સકોન, એરબસ જેવા પ્રોજેક્ટને ગુજરાતમાં ખસેડવાને કારણે રાજ્યમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. કોંગ્રેસ મહાસચિવે કહ્યું હતું કે લોકો રોજગારી મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે, નવા કૌશલ્યો શીખી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓ નોકરીઓ મેળવી શકતા નથી. સરકારે આ બાબતને પ્રાથમિકતા આપવી જોઈતી હતી, પરંતુ તે આ જગ્યાઓ ભરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે મહારાષ્ટ્રમાં યુવાનોની આત્મહત્યાને રોજગારની તકોના અભાવ સાથે જોડવાનો પણ પ્રયાસ કર્યો હતો. પ્રિયંકાએ દાવો કર્યો હતો કે દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ યુવાનો આત્મહત્યા કરે છે. બેરોજગારી દૂર કરવામાં ભાજપની નિષ્ફળતાનું આ પરિણામ છે.

### પ્રધાનમંત્રી યુવા નેતાઓનો સંવાદ યુવા શક્તિની ભવ્ય ઉજવણી

# ડો. મનસુખ માંડવિયાએ 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ'ની જાહેરાત કરી

## વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ એ યુવાનો માટે તેમના વિચારો અને વિઝન સીધા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ રજૂ કરવાની અનોખી તક હશેઃ ડો. માંડવિયા

। નવી દિલ્હી, તા.૧૪ ।

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં રાષ્ટ્રીય યુવા મહોત્સવ (એનવાયએફ) ૨૦૨૫ની પુનઃકલ્પના કરવાની જાહેરાત કરી હતી.




ભારતનાં ભવિષ્યને આકાર આપવામાં યુવાનોની ભાગીદારી વધારવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનનો પડઘો પાડતાં આ મહોત્સવની પુનઃકલ્પના કરવામાં આવી છે, જેને "વિકસિત ભારત યુવા નેતાઓનો સંવાદ" કહેવામાં આવશે. આ ગતિશીલ મંચ યુવા ભારતીયોને વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે તેમના વિચારો અને દ્રષ્ટિકોણનું યોગદાન આપવા માટે સશક્ત બનાવશે.કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગના મુખ્ય ઉદ્દેશોની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, "આ ફેસ્ટિવલનો ઉદ્દેશ યુવા પ્રતિભાઓને ઓળખવાનો અને તેમનું સંવર્ધન કરવાનો છે, જે તેમને વિકસિત ભારત માટે તેમના વિચારો વ્યક્ત કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે. યુવાનો માટે એક મુખ્ય વિશેષતા એ છે કે તેઓ પ્રધાનમંત્રી સાથે સીધો સંવાદ કરવાની અને ભારતના ભવિષ્ય માટે તેમના વિચારો પ્રસ્તુત કરવાની તક પ્રાપ્ત કરશે, જેથી રાજકારણમાં અને નાગરિક જીવનમાં યુવાનોનું જોડાણ વધશે."કેન્દ્રીય મંત્રીએ આ વર્ષે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગના મુખ્ય ઉદ્દેશો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આ વર્ષના તહેવારને બે મુખ્ય લક્ષ્યોની આસપાસ વિચારપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. પહેલું, માનનીય પ્રધાનમંત્રીના સ્વતંત્રતા દિવસના સંબોધન દરમિયાન આ ક્ષેત્રોમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા ૧ લાખ યુવાનોને જોડવાના તેમના આહ્વાનનો પ્રતિસાદ આપતા રાજકારણમાં નવા યુવા નેતાઓને લાવવા. રાષ્ટ્રીય યુવા મહોત્સવ યુવા પ્રતિભાઓને નેતૃત્વની શક્યતા સાથે ઓળખવા અને તેમનું પોષણ કરવા માટે બનાવવામાં આવ્યો છે.

### ન્યૂઝ બ્રિફ



## ઝારખંડની હેમંત સોરેન સરકારે મદરેસાઓમાં ઘૂસણખોરોને આશ્રય આપ્યો : જેપી નડ્ડા

। રાંચી,તા.૧૮ ।

બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ ઈન્ટેલિજન્સ રિપોર્ટને ટાંકીને ઝારખંડ સરકાર પર બાંગ્લાદેશીઓને આશ્રય આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે ઝારખંડની હેમંત સોરેન સરકારે મદરેસાઓમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને આશ્રય આપ્યો હતો. તેમને જમીન અને આધાર કાર્ડ જેવા સરકારી દસ્તાવેજો મળે તેની પણ ખાતરી કરી હતી.જેપી નડ્ડાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું કે તેઓ ઓબીસીના ચેમ્પિયન બનવા માંગે છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે સોનિયા ગાંધીની આગેવાની હેઠળની સામાજિક સેવા સંસ્થા રાજીવ ગાંધી ફાઉન્ડેશન અને અગાઉની યુપીએ સરકારની રાષ્ટ્રીય સલાહકાર સમિતિમાં કેટલા ઓબીસી સભ્યો હતા.ઝારખંડમાં ૩ ચૂંટણી રેલીઓમાં તેમના સંબોધનમાં, બીજેપી અધ્યક્ષે રાજ્યના શાસક ગઠબંધનના બે મુખ્ય પક્ષો ઝારખંડ મુક્ત મોરચા (જેએમએમ) અને કોંગ્રેસ પર પ્રહાર કર્યા. તેણે કહ્યું, 'મને હમણાં જ ગુપ્તચર અહેવાલ મળ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને મદરેસામાં આશ્રય આપવામાં આવે છે.

## માતા વૈષ્ણો દેવીના ભક્તોને મોટી ભેટ, તેઓ માત્ર ૬ મિનિટમાં દર્શન કરી શકશે

। જમ્મુ,તા.૧૮ ।

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે પ્રવાસને વધુ સરળ બનાવવા માટે બહુપ્રતિક્ષિત રોપવે પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ તારાકોટથી સાંજીછટ સુધી ચાલશે અને ૧૪ કિમી ચાલવાનું અંતર માત્ર ૬ મિનિટમાં પૂર્ણ કરી શકાશે. આ પ્રોજેક્ટ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ મુસાફરોને લાભ કરશે જેઓ હાલમાં મુશ્કેલ ચાલવાના અંતરને કારણે દરબાર સુધી પહોંચી શકતા નથી. આ રોપ-વેના કારણે સમયની બચત તો થશે જ પરંતુ મુસાફરોનો થાક પણ ઓછો થશે.શ્રાઈન બોર્ડના સીઈઓ અંશુલ ગર્ગે જણાવ્યું કે રોપવે પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય શરૂ થવા જઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ માતા વૈષ્ણો દેવીની યાત્રાને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને ભારત અને વિદેશથી આવતા કરોડો શ્રદ્ધાળુઓ માટે યાત્રાને સરળ બનાવશે. આનાથી સમય બચશે અને માત્ર ૫ થી ૬ મિનિટમાં તમે કટરાના બેઝ કેમ્પ તારાકોટથી સાંઝી છટ પહોંચી જશો.

## બાબા સિદ્દીકી હત્યા કેસમાં આણંદની વ્યક્તિની ધરપકડ

। મુંબઈ, તા.૧૮ ।

મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે રવિવારે બાબા સિદ્દીકી હત્યા કેસમાં મહારાષ્ટ્રના અકોલામાંથી એક વ્યક્તિની ધરપકડ કરી છે, જે ગુજરાતના આણંદનો રહેવાસી છે. આ ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા લોકોની કુલ સંખ્યા ૨૫ થઈ ગઈ છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું છે કે ગુજરાતના આણંદ જિલ્લાના પેટલાદનો રહેવાસી સલમાન ઈકબાલ વોહરાની અકોલાના બાલાપુરમાંથી ધરપકડ કરવામાં આવી છે. તપાસ સાથે જોડાયેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર, વોહરાએ આ વર્ષે મે મહિનામાં બેંક ખાતું ખોલાવ્યું હતું અને નરેશ કુમાર સિંહ (ધરપકડ કરાયેલા આરોપી ગુરમેલ સિંહના ભાઈ), રૂપેશ મોહલ અને હરીશ કુમારને આર્થિક મદદ કરી હતી. આ સિવાય તેણે હત્યા સાથે જોડાયેલા અન્ય લોકોને પણ મદદ કરી હતી.ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ના નેતા બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે બાંદ્રા પૂર્વના નિર્મલ નગરમાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યાકાંડ પછી ગુરમેલ સિંહ (હરિયાણા) અને ધરમરાજ કશ્યપ (ઉત્તર પ્રદેશ)ની ઘટનાસ્થળેથી ધરપકડ કરવામાં આવી હતી.

### પોલીસે ઝડપાયેલા માંસનો સ્થળ પર જ નાશ કર્યો હતો

# ૪ કરોડનું પ્રતિબંધિત ગૌ માંસ ઝડપાયું, પાંચ લોકોની ધરપકડ

## યુપીના નોઈડામાં મોટા પાયે ગૌમાંસની દાણચોરી અને સંગ્રહ કરવાનો મામલો સામે આવ્યો છે

। નવી દિલ્હી, તા.૧૮ ।

યુપીના નોઈડામાં મોટા પાયે ગૌમાંસની દાણચોરી અને સંગ્રહ કરવાનો મામલો સામે આવ્યો છે. ૪ કરોડનું બીફ જપ્ત કરીને તેનો નાશ કરવામાં આવ્યો છે. ગૌમાંસની પુષ્ટિ બાદ પોલીસે ૫ લોકોની ધરપકડ પણ કરી છે.૯ નવેમ્બરના રોજ, દાદરી કોતવાલી વિસ્તારમાં લુહારલી ટોલ પર, પશ્ચિમ બંગાળથી આવી રહેલી એક ટ્રકને કેટલાક લોકોએ અટકાવી અને માહિતી આપી કે તે પ્રતિબંધિત માંસ લઈ જઈ રહી છે. પોલીસે એક ટ્રકને રોકીને તેમાં રાખવામાં આવેલા માંસના નમૂનાને પરીક્ષણ માટે મોકલ્યા હતા. તપાસમાં તે બીફ હોવાની પુષ્ટિ થતાં પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે.પોલીસે જે લોકોની ધરપકડ કરી છે તેમાં પૂરન જોશી, ખુર્શીદુન નબી, અક્ષય સક્સેના, શિવશંકર અને સચિનનો સમાવેશ થાય છે, જેઓ કોલ્ડ સ્ટોરેજના માલિક, ડિરેક્ટર, મેનેજર અને ટ્રક ડ્રાઈવર છે. એડિશનલ ડીસીપીએ કહ્યું કે આ લોકોની દાણચોરી અને પ્રતિબંધિત માંસનો સંગ્રહ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.શિવશંકર અને સચિન પશ્ચિમ બંગાળથી એક ટ્રકમાં ૩૨ ટન માંસ લાવ્યા હતા. પ્રાપ્ત માહિતીના આધારે, ટ્રકમાં ભરેલા માંસના નમૂના લેવામાં આવ્યા હતા અને પરીક્ષણ માટે મથુરા લેબમાં મોકલવામાં આવ્યા હતા. આ પછી પોલીસે દાદરીના જીંત કોલ્ડ સ્ટોરેજ બિસાહદા રોડ પર દરોડા પાડ્યા હતા. કોલ્ડ સ્ટોરેજના ચેમ્બર નંબર-૫માંથી પેકિંગમાં ૧૫૩ ટન પ્રતિબંધિત માંસ મળી આવ્યું હતું જ્યારે ટ્રકમાંથી આશરે ૩૨ ટન માંસ મળી આવ્યું હતું. લેબ રિપોર્ટમાં માંસ બીફ હોવાની પુષ્ટિ થઈ છે.

### સ્વીચ બોર્ડના પ્લગમાં થયેલા સ્પાર્કને નર્સ ઠીક કરી શકી નહતી

# ઝાંસી મેડિકલ કોલેજમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતીઃ પ્રાથમિક રિપોર્ટ

## ઝાંસી મેડિકલ કોલેજમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૦થી વધીને ૧૧ થઈ ગઈ છે

। ઝાંસી, તા.૧૮ ।

ઝાંસી મેડિકલ કોલેજમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૦થી વધીને ૧૧ થઈ ગઈ છે. આ માહિતી ડીએમ અવિનાશ કુમારે આપી છે. ઉલ્લેખનીય છે કે આગની આ ઘટના અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મોકલવામાં આવનાર રિપોર્ટના મુદ્દાઓ પ્રકાશમાં આવ્યા છે. અકસ્માત બાદ ચાર સભ્યોની ટીમ બનાવવામાં આવી હતી, જેણે તેનો રિપોર્ટ તૈયાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજમાં જે ઘટના બની તે દુર્ભાગ્યપૂર્ણ છે અને તેમાં કોઈ કાવતરું કે બેદરકારી નથી. મેડિકલ એજ્યુકેશનના મહાનિર્દેશકની અધ્યક્ષતામાં રચાયેલી તપાસ સમિતિના વિગતવાર અહેવાલમાં બહાર




આવશે કે શોર્ટ સર્કિટ કેવી રીતે થયું હતું? શું વોર્ડમાં લગાવવામાં આવેલા મશીનો પર ઓવરલોડ હતો, જેના કારણે શોર્ટ સર્કિટ થયું હતું? ઘટના સમયે ટ્રેંકે વોર્ડમાં ૬ નર્સ, અન્ય સ્ટાફ અને ૨ લેડી ડોક્ટર હાજર હતા. સ્વીચ બોર્ડમાં શોર્ટ સર્કિટના કારણે સ્પાર્ક થતાં આગ લાગી હતી. વોર્ડમાં ઈન્સ્ટોલ કરેલા મશીનો પરના પ્લાસ્ટિકના કવરે સ્વીચ બોર્ડમાં લાગેલી આગને પકડી લીધી હતી. આ આગ પ્લાસ્ટિકના કવરમાંથી નીચે ટપકવા લાગી હતી, જે બાદ વોર્ડમાં આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ફરજ પરની નર્સે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેના પગ અને કપડાં પણ બળી ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સ્વીચ બોર્ડમાં સ્પાર્ક થયો હતો જેના કારણે આગ લાગી હતી. એક નર્સે તેને જાતે ઠીક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં તેણીને ઈજા પણ થઈ હતી.

## બુમરાહ નહીં પણ અશ્વિન સામે સ્ટીવ સ્મિથ બનાવી રહ્યો છે ખાસ પ્લાન

। મુંબઇ,તા.૧૮ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી શરૂ થઈ રહેલી પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં બંને ટીમોના કેટલાક મહત્વના ખેલાડીઓના પ્રદર્શનના આધારે આ શ્રેણીની દિશા નક્કી કરવામાં આવશે. આમાં એક નામ છે ઓસ્ટ્રેલિયન ટીમના સૌથી મહત્વપૂર્ણ ખેલાડી સ્ટીવ સ્મિથનું, જેણે ભારત સામેની ટેસ્ટમાં ઘણું સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ છેલ્લી વખત ઘરઆંગણે ટીમ ઈન્ડિયા સામેની ટેસ્ટ શ્રેણીમાં તે બહુ પ્રભાવશાળી દેખાતો નહોતો., જે સૌથી મોટું કારણ છે રવિચંદ્રન અશ્વિન સામે તેનું આઉટ થવું. આ વખતે પણ ટેસ્ટ સિરીઝની શરૂઆત પહેલા જ આ અંગેની વાતો શરૂ થઈ ગઈ છે, જેમાં હવે સ્ટીવ સ્મિથે પોતાના નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે.

## લોકોનું આત્મસન્માન મરી પરવાર્યું છે, કોઈ આંદોલન નથી થતું : રિચા

। મુંબઇ,તા.૧૮ ।

ઉત્તર ભારતમાં પ્રદૂષણના ઊંચા સ્તરે માઝા મૂકી છે અને નાગરિકો શ્વાસમાં જે હવા લે છે એની ગુણવત્તા અત્યંત કથળી ગઈ છે એની સામે રિચા ચઢ્ઢાએ વ્યથા ઠાલવી છે. આ વ્યથામાં રિચાએ ભારતની જનતાના ઍટિટ્યુડ પર, એની નિષ્ક્રિયતા સામે સવાલ ઉઠાવ્યા છે.

વેબ-સિરીઝ 'મિર્ઝાપુર'વાળા ઍક્ટર અલી ફઝલને પરણેલી અને હાલમાં જ દીકરીને જન્મ આપનાર મૂળ દિલ્હીની રિચા સોશ્યલ મીડિયા પર લખે છે, 'આપણા ભારતીયોમાં ખરેખર આત્મસન્માનની ભાવના ખૂબ નીચી છે...

આશા અને ન્યાયની પણ આપણને ખૂબ જ ઓછી એષણા છે. આખા નૉર્થ ઈન્ડિયામાં હવાની ગુણવત્તા એટલી બધી ખરાબ છે... વર્ષે-વર્ષે વધુ ખરાબ થતી જાય છે... પણ એની સામે કોઈ આંદોલન નથી, ફક્ત સાઈલન્સ છે. સરકાર આપણી પાસેથી દરેક વસ્તુ માટે ઊંચો ટૅક્સ વસૂલે છે અને આ પ્રૉબ્લેમનું કોઈ સૉલ્યુશન નથી આપતી. સત્તામાં કઈ પાર્ટી છે કે તમે કોને સપોર્ટ કરો છો એનાથી કંઈ ફરક નથી પડતો, તમારાં ફેફસાંને એનાથી કોઈ મતલબ નથી.'

### હુમલામાં અનેકનાં મોત

### વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા

# રશિયાનો ૨૦૦થી વધુ મિસાઇલ-ડ્રોન સાથે યુક્રેનમાં ભીષણ હુમલો

। કીવ, તા.૧૮ ।

રશિયાએ યુક્રેનના ઊર્જાક્ષેત્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને પ્રચંડ ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં અનેક લોકો માર્યા ગયા છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા છે. રશિયાના આ હુમલાને તાજેતરના મહિનાઓમાં યુક્રેન પરનો સૌથી ગંભીર હુમલો ગણાવામાં આવી રહ્યો છે. રશિયા શિયાળાની મોસમ



પહેલા યુક્રેનની વીજ ઉત્પાદન ક્ષમતાને નષ્ટ કરવા માગે છે તેવી આશંકા વચ્ચે આ હુમલો અત્યંત ઘાતકી અને વ્યૂહાત્મક મનાય છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું હતું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા છે.ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે હુમલામાં ઈરાન દ્વારા નિર્મિત શાહિદ તેમજ ક્રૂઝ, બેલેસ્ટિક અને એરક્રાફ્ટ દ્વારા લોન્ચ કરાયેલી બેલેસ્ટિક મિસાઈલો સહિત વિવિધ પ્રકારના ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઝેલેન્સકીએ ટેલિગ્રામ પર શેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે યુક્રેનિયન સુરક્ષા દળોએ ૧૪૦ મિસાઈલો અને ડ્રોનને તોડી પાડ્યાં છે. ઝેલેન્સકીએ કહ્યું હતું કે દુશ્મનનું લક્ષ્ય યુક્રેનમાં અમારું ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર હતું. માયકોલાઈવમાં ડ્રોન સ્ટ્રાઈકના પરિણામે બે લોકો મૃત્યુ પામ્યા હતાં જ્યારે બે બાળકો સહિત છ લોકો ઘાયલ થયા છે. રાજધાની કીવ શહેરના સૈન્ય પ્રશાસનના વડા સેરહી પોપકોના જણાવ્યા અનુસાર ડ્રોન અને મિસાઈલનો આ સંયુક્ત હુમલો ત્રણ મહિનામાં સૌથી ભીષણ મોટો હતો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કહ્યું હતું કે રશિયાએ યુક્રેનમાં મોટા પાયે હુમલો કરીને કુલ ૧૨૦ મિસાઈલ અને ૯૦ ડ્રોન છોડ્યા છે.ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે હુમલામાં ઈરાન દ્વારા નિર્મિત શાહિદ તેમજ ક્રૂઝ, બેલેસ્ટિક અને એરક્રાફ્ટ દ્વારા લોન્ચ કરાયેલી બેલેસ્ટિક મિસાઈલો સહિત વિવિધ પ્રકારના ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### લશ્કર પાછું ખેંચવાની પ્રક્રિયા ચીન સાથેની સમસ્યાનો ભાગ

### ભારત અને ચીનમાં લદ્દાખ સરહદે વિવાદિત વિસ્તારોમાંથી લશ્કર પાછું ખેંચવાની સંમતિ અંગે વિદેશ મંત્રી એસ જયશંકરે સ્પષ્ટ ટિપ્પણી કરી છે

# ચીન સાથેના સંબંધોને નવી દિશા મળી હોવાનું કહેવામાં જયશંકર ખચકાયા

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને ચીનમાં લદ્દાખ સરહદે વિવાદિત વિસ્તારોમાંથી લશ્કર પાછું ખેંચવાની સંમતિ અંગે વિદેશ મંત્રી એસ જયશંકરે સ્પષ્ટ ટિપ્પણી કરી છે. તેમણે શનિવારે કહ્યું હતું કે, ગયા મહિને થયેલી સમજૂતી ચીન સાથેની સમસ્યાનો એક ભાગ હતો. જોકે, બંને દેશના સંબંધોમાં નવી શરૂઆત થઈ હોવાનું નિવેદન કરવામાં તેમણે ખચકાટ અનુભવ્યો હતો.જયશંકરે જણાવ્યું હતું કે, "બંને દેશ દ્વારા લશ્કર પાછું ખેંચવાના આખરી રાઉન્ડ પછી સંબંધોમાં થોડા સુધારાની આશા રાખવી વાજબી છે. હું 'ડિસએન્ગેન્જમેન્ટ'ને 'ડિસએન્ગેજમેન્ટ'ની રીતે જોઉં છું. તેનો વધુ અર્થ કાઢવો જોઈએ નહીં. ચીન સાથેની હાલની સ્થિતિ જોઈએ તો આપણું લશ્કર વાસ્તવિક નિયંત્રણ રેખા



(એલએસી)ની બહુ નજીક હતું. ૨૧ ઓક્ટોબરની સમજૂતીમાં ડિસએન્ગેજમેન્ટ માટેની આખરી સંમતિ હતી. તેના અમલ સુધી ડિસએન્ગેજમેન્ટનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે."બંને દેશનું લશ્કર પાછું ખેંચાવાથી ભારત-ચીન વચ્ચે નવા સંબંધોની શરૂઆત થઈ છે એવા પ્રશ્નના જવાબમાં જયશંકરે સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "બંને દેશના સંબંધોની હાલની સ્થિતિથી આવા નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં." ઉલ્લેખનીય છે કે, ગયા મહિને એલએસી નજીક ડેમચોક અને ડેપ્સાંગના વિવાદિત વિસ્તારોમાંથી ભારત અને ચીનનું લશ્કર પાછું ખેંચાવાની પ્રક્રિયા પૂરી થઈ છે. બંને દેશના લશ્કરે લગભગ સાડા ચાર વર્ષ પછી આ વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કર્યું છે.જયશંકરે જણાવ્યું હતું કે, "આગામી પગલું બંને દેશ વચ્ચે સંઘર્ષની સ્થિતિમાં ઘટાડો કરવાનું રહેશે."

# ગુડ મોર્નિંગ ગુજરાત

આજનું તાપમાન

સૂર્યોદય - 5:55 સૂર્યાસ્ત - 7:17

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 41.0 | રાજકોટ | 36.0 |
| ગાંધીનગર | 40.0 | સુરત | 33.0 |
| વડોદરા | 41.0 | નલિયા | 32.0 |

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

LOK PATRIKA

Ahmedabad, Tuesday

19-11-2024













# ખેડામાં અમૂલ ડેરીના કર્મચારીઓનો ઉગ્ર વિરોધ

। પ્રતિનિધિ, ખેડા, તા.૧૮ ।

ખેડામાં અમૂલ ડેરીના કર્મચારીઓનો વિરોધ ચરમસીમાએ પહોંચ્યો છે. અમૂલ ડેરીમાંથી ૧૦૦ થી વધુ કર્મચારીઓને છુટા કરવામાં આવતા કર્મચારીઓનો વિરોધ વકર્યો છે. આ પહેલા ૪૦૦ કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા હતા. કર્મચારીઓને નોટીસ આપ્યા વગર છુટા કરવામાં આવતા કર્મચારીઓ રોષે ભરાયા છે.કર્મચારીઓના વિરોધમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ પણ જોડાયા છે. જેમાં અમૂલના ચેરમેન વિપુલ પટેલ તેમજ એમડીના મનસ્વી નિર્ણય પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. અમૂલ ડેરી દ્વારા અચનાક જ ૧૦૦ થી વધુ કર્મચારીઓને છુટા કરી દેવામાં આવ્યા હતા. ૧૦ મહિના પહેલા પણ આ પ્રકારની ઘટના બની હતી. તે સમયે ૪૦૦ કર્મચારીઓને નોટીસ આપ્યા વગર છુટા કરી દેવામાં આવ્યા હતા.
































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK